


॥ પરમ તેજદાત્રી મા ગાયત્રી ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ૐ ॥

# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

વર્ષ ૪ ] ઓક્ટોબર ૧૯૮૫ [ અંક ૪

Scanned by CamScanner

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ–૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ ( નરેન્દ્રભાઈ બી. દવે ) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન તેઓ વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.
(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.
(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.
(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.
(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.

કે. એન. પરીખ
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

સરનામું :
કે. એન. પરીખ
મેટ્રનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ.
અસારવા, અમદાવાદ–૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)
ફોન : ૬૭૯૯૭

□

Scanned by CamScanner

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૪ ] • ઑક્ટોબર : ૧૯૮૫ • [ અંક ૪ થો

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. ભક્તિ અને ભક્ત | ... ... ... | ૩ |
| ૨. અનુષ્ઠાન | ... ... ... | ૫ |
| ૩. 'નિલેષા'ના આધ્યાત્મિક જન્મદિનની સંધ્યાએ ... | | ૭ |
| ૪. અહમનો ત્યાગ | ... ... ... | ૮ |
| ૫. જન્મદિને માતા દિવ્ય આશીર્વાદ | ... ... | ૧૧ |
| ૬. પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... | ... | ૧૩ |
| ૭. અચળ શ્રદ્ધા, પૂ. ગુરુદેવના આશિષ અને રાજરાજેશ્વરી મા ગાયત્રીની કૃપા! ... | | ૧૫ |
| ૮. ડૂબતી નૈયામાં બેઠેલાને નવો વિશ્વાસ અને શ્રદ્ધા મળ્યાં! ... | | ૧૭ |
| ૯. આત્મગુંજન-૭ | ડૉ. કાન્તિલાલ કાલાણી | ૨૦ |
| ૧૦. પાષાણની વેદના | ... ... ... | ૨૩ |
| ૧૧. મા ગાયત્રીની કૃપા-છાયા | ... ... ... | ૨૮ |
| ૧૨. કવ્વાલી | ... ... ... | ૩૦ |
| ૧૩. સમાચાર | ... ... ... | ૩૧ |


**આપે આપનું લવાજમ રીન્યુ કરાવ્યું ?**

૧૯૮૬ના વર્ષ માટે, 'આધ્યાત્મિક કેડી'નું આપનું લવાજમ રીન્યુ કરાવી લેશો. આ ત્રૈમાસિકના વર્ષમાં ચાર અંક પ્રસિદ્ધ થાય છે :

જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબર

આ ત્રૈમાસિક અંક
જાન્યુઆરી,
એપ્રિલ,
જુલાઈ
અને
ઑક્ટોબર
માસમાં
પ્રગટ થશે.

**વાર્ષિક લવાજમ**
**રૂપિયા દશ**

પ્રકાશક :
શ્રી કૈલાસબહેન એન. પરીખ
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
મેટ્રન ક્વાર્ટર્સ,
ન્યુ સીવીલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ,
અસારવા,
અમદાવાદ – ૩૮૦૦૧૬

મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી,
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ,
અમદાવાદ – ૩૮૦૦૦૧

Scanned by CamScanner





# ભક્તિ અને ભક્ત

ભક્તિ એટલે પ્રેમપ્રધાન સાધના. ભક્તિમાં જેમ જેમ આગળ વધાય તેમ તેમ ભક્તમાં પ્રેમની માત્રા વધવી જોઈએ. પ્રેમ, સમભાવ, સદ્ભાવ એ ભક્તના પાયાનાં લક્ષણો છે. પ્રેમભાવરહિત ભક્તને ઉષ્ણતારહિત અગ્નિની સાથે સરખાવી શકાય.

પરમતત્ત્વને પામવાના મૂળ ત્રણ રાજમાર્ગો છે:

**કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ.**

પરમતત્ત્વની નજદીક પહોંચતાં આ ત્રણે માર્ગો એકબીજામાં સમાઈ જાય છે. પરમતત્ત્વને પામવા માટે સાધકમાં પ્રેમભાવ નીતરતું હૃદય હોવું જોઈએ. જે વ્યક્તિમાં મૂળભૂત પ્રેમતત્વ હોય છે તે ભક્તિમાર્ગ પર આપોઆપ આકર્ષાય છે અને એક વખત ડગ માંડયા પછી તે માર્ગ પર ટકી રહે છે. જેનામાં પ્રેમતત્ત્વની ઊણપ હોય છે તેઓ આ માર્ગ પર આવી શકતા નથી અને કદાચ અનાયાસે આવી જાય તો ટકી શકતા નથી.

ભક્તિમાર્ગ પર ક્યારેય ટોળાં ઉભરાતાં નથી. ભક્તસમાજ લઘુમતિમાં જ હોય છે. સામાન્ય રીતે લઘુમતિ ધરાવતા સમાજમાં એકતા અને સંગઠનશક્તિ વધારે હોય છે. પરંતુ ભક્તસમાજ લઘુમતિમાં હોવા છતાં જુદાજુદા સંપ્રદાયોને કારણે તેમાં એકતા કે સંગઠનનો અભાવ વર્તાય છે.

ભક્તો ગમે તે સંપ્રદાયના હોય, આંતરિક મતમતાંતરો, ભિન્નતા વગેરે હોય, પરંતુ પરમતત્ત્વને પામવાના રાજમાર્ગ સમા ભક્તિમાર્ગ પર ચાલનારા સહુનો હેતુ તો એક જ છે ને! સહુ ભક્તોએ, એક જ પંથના પ્રવાસી છીએ તેવું દઢ મનોબળ કેળવી, સહુ સાથે પ્રેમભાવ, આદર અને સહકારનું વલણ રાખવું જોઈએ. કહેવાતા ભક્તોમાં અથવા જાતે બની બેઠેલા ભક્તોમાં પ્રેમભાવનો અભાવ જોવા મળે છે, જેને કારણે આંતરિક સંઘર્ષ થાય છે અને બીજાનો સહકાર મેળવી શકાતો નથી.

જો આપણે એમ જ વિચારીએ કે હું અને તમે ભક્તિમાર્ગ પર પા પા પગલી માંડી રહ્યાં છીએ, ચારે બાજુ ઈર્ષ્યાળુ તોફાની અ-ભક્તોનાં ટોળાં આપણી હાંસી ઉડાવી રહ્યા છે, આવે સમયે એક જ પંથના પ્રવાસી આપણે એકબીજાની ઓથે હાથમાં હાથ મિલાવી સંગઠિત બની સ્થિરપણે ચાલીએ અને આપણા પ્રેમભાવપૂર્ણ વર્તનથી ઈર્ષ્યાળુ તોફાની અ-ભક્તોનાં ટોળાંને સન્માર્ગે વાળી શકીએ. ભક્તિમાર્ગ પર ચાલનારે હંમેશાં પ્રેમ, સદ્ભાવ, સહકારના સરવાળા અને ગુણાકાર જ કરવાના હોય અને ઈર્ષ્યા, વેર-ઝેર, ક્રોધ, અસત્ય વગેરેની બાદબાકી કરવાની હોય.



Scanned by CamScanner

એક ભક્ત બીજા ભક્તની ઈર્ષ્યા-નિંદા કરે તો તે સાચો ભક્ત નથી. સાચો ભક્ત ક્યારેય કોઈની નિંદા-ઈર્ષ્યા કરતો નથી. બીજો ભક્ત ભક્તિમાર્ગમાં પોતાનાથી કેટલો આગળ કે પાછળ છે તે પણ જોવાનું નથી. પોતે જે માર્ગ પર ચાલવામાં ધન્યતા-આનંદ માણે છે એ જ માર્ગ પર બીજો સાધક આગળ ચાલી રહ્યો છે કે ચાલવાનો પુરુષાર્થ કરી રહ્યો છે, આટલું જ એને માટે પૂરતું છે. તેઓના પર પ્રેમભાવ રાખી આત્મીય ભાવ કેળવવા સિવાય બીજું જ કંઈ કરવાનું રહેતું નથી.

અન્ય ભક્તો ઈષ્ટ દેવની સાધના, ભક્તિ, ઉપાસના કઈ પદ્ધતિથી કરે છે, તેઓની ભક્તિ સકામ કે નિષ્કામ છે, એ પણ તેણે જોવાનું નથી.

ભક્ત ભગવાનને જેટલો પ્રેમ કરે છે તેટલો જ પ્રેમ ભગવાન જેને કરે છે તેવા તેના અન્ય ભક્તો અને ભગવાનની સૃષ્ટિને પણ કરવો જોઈએ, તો જ આપણે સાચા ભક્તના લક્ષણ સંપન્ન કર્યાં છે એમ કહી શકાય.

□


# ધી વિજય કો. ઓ. બેન્ક લિ०

## અમદાવાદ

રજી. ઑફીસ : નરોડારોડ, અમદાવાદ-૨૫ □ ફોન નંબર-૩૭૧૪૦૫ / ૩૭૪૪૭૯

મુખ્ય ઓફીસ : 'નોબલ્સ', નહેરુબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ.

ફોન નંબર : ૭૭૬૮૭ / ૮૮ / ૭૯૫૩૭

સ્થાપના : તા. ૨૨-૨-૧૯૩૭ * ઓડીટ : વર્ગ 'અ' * શાખાઓ : ૯

| | | |
|---|---|---|
| બેંકની અધિકૃત શેરમુડી | : | રૂ. ૧ કરોડ ૫૦ લાખ |
| ભરપાઈ થયેલ શેરમુડી | : | રૂ. ૧ કરોડ ૯ લાખ |
| થાપણો | : | રૂ. ૯ કરોડ ૫૫ લાખ |
| ધિરાણો | : | રૂ. ૧૩ કરોડ ઉપરાંત |

| ઇન્દ્રવદન આઈ. શાહ | હરિભાઈ પી. પટેલ | નટવરલાલ એ. પટેલ | વી. વી. વહરાજન |
|---|---|---|---|
| ચેરમેન | વાઈસ ચેરમેન | મેનેજિંગ ડિરેકટર | જનરલ મેનેજર |





Scanned by CamScanner

# અનુષ્ઠાન

તા. ૧૪-૧૦-'૮૫થી તા. ૨૨-૧૦-'૮૫, ૯ દિવસ આસો નવરાત્રિ છે. આપ અનુષ્ઠાન કરવા ઇચ્છા ધરાવો છો ? જુલાઈ ૧૯૮૪ના અંકમાં અનુષ્ઠાન વિષે લેખ આપેલ છે, છતાં પણ આપ સર્વેની સવલત માટે ફરીથી આ લેખ પ્રસ્તુત કરીએ છીએ. 'આધ્યાત્મિક કેડી'ના નવા ગ્રાહકો માટે પુનરાવર્તન આશિર્વાદરૂપ નિવડશે.

## (૧) અનુષ્ઠાન એટલે શું ?

શિસ્તબદ્ધ રીતે આયોજેલ શક્તિની ઉપાસના. મન, વચન અને કર્મથી પવિત્ર રહી શિસ્તબદ્ધ રીતે સ્થળ, સમય અને માળાનો ક્રમ નક્કી કરી પોતાની શારીરિક અને માનસિક શક્તિ અનુસાર અનુષ્ઠાનનો આરંભ કરવો.

## (૨) અનુષ્ઠાનના પ્રકાર

**લઘુ અનુષ્ઠાન :** જેમાં ૨૪ હજાર ગાયત્રી મંત્રજાપ, સમય અને સ્થળની મર્યાદામાં રહીને કરવા. નવરાત્રિનું પર્વ આઠ દિવસનું હોય તો રોજની ૩૧ માળા કરવી. ૯ દિવસના પર્વ માટે રોજની ૨૭ માળા કરવી પડે.

**અનુષ્ઠાન :** સવાલાખ મંત્રજાપનું શિસ્તબદ્ધ રીતે સમય અને સ્થળની મર્યાદામાં રહીને કરવું. ૧૫ કે ૨૧ દિવસમાં પૂર્ણ થાય તે રીતે દરરોજની માળા કરવી. ઉપાસકની શારીરિક અને માનસિક શક્તિ અનુસાર અનુષ્ઠાનના દિવસોમાં વધઘટ કરી શકાય.

**પુરશ્ચરણ :** ૨૪ લાખ ગાયત્રી મંત્રજાપ. નવરાત્રિના આઠ-નવ દિવસમાં પુરશ્ચરણ કરી શકાય નહિ. દરરોજની કેટલી માળા શિસ્તબદ્ધ રીતે કરી શકાશે તેની ગણતરી કર્યા પછી જ પુરશ્ચરણનો આરંભ કરી શકાય. પુરશ્ચરણ પૂર્ણ કરતાં ૧ થી ૨ વર્ષ લાગે છે.

## (૩) અનુષ્ઠાનનો આરંભ કેવી રીતે કરશો ?

આપના દેવસ્થાનમાં જ્યાં માતાજીની-ઈષ્ટદેવની ઉપાસના કરતા હો તે સ્થળે દર્ભનું આસન પાથરી પૂર્વાભિમુખ બેસવું. દીવો, અગરબત્તી, ધૂપ વિગેરે યથાશક્તિ કરવું. અન્ય કોઈ વિશેષ વિધિવિધાનની જરૂર નથી. સંપૂર્ણ શ્રદ્ધા અને અનન્ય શરણાગતિથી મા-બાળકનો સંબંધ કેળવીને ગાયત્રી મંત્રજાપ ચાલુ કરવા.

આ વખતના નવરાત્રિના નવ દિવસો છે. જો તમે લઘુ અનુષ્ઠાન કરવા ઇચ્છતા હો તો દરરોજની ૨૭ માળા કરવી પડશે. એકી બેઠકે ૨૭ માળા ન કરી શકાય તો તમારી શક્તિ અનુસાર ૭, ૧૧ કે ૧૫ માળા કર્યા પછી થોડો વિશ્રામ રાખો. ફરીથી બાકીની માળા કરો. મંત્રજાપ કરવા બેસવાની, માળાના ક્રમનો અને વિશ્રામ લેવાનો સમય દરરોજનો નિયત હોવો જરૂરી છે.

દા.ત., તમે સવારે ૪ વાગે મંત્રજાપ કરવા બેસો અને ૧૫ માળા કર્યા પછી દસ મિનિટનો વિશ્રામ રાખો તો દરરોજ એ ક્રમ જ જાળવી રાખવો.

## (૪) અનુષ્ઠાન દરમિયાન પાળવાના અન્ય નિયમો

* સાદો સાત્વિક આહાર એક વખત કરવો. (ઉપવાસ કરવાની જરૂર નથી.)



Scanned by CamScanner

* ઘરમાં જ બનાવેલો ખોરાક જમવો.

* મન, વચન, કર્મથી પવિત્ર રહેવું. અન્ય કોઈ વિધિવિધાનની આવશ્યકતા નથી.

* સ્થાપન કરવું, થાળ ધરાવવો કે પૂર્ણાહુતિ વખતે હોમહવન, વિસર્જન વિગેરે કરવું આવશ્યક નથી. પરંતુ સમય હોય અને આવડતું હોય તો કરવામાં વાંધો નથી. બીક રાખીને કોઈપણ ઉપાસના કરવી નહિ. માતાજી માટે અને માતાજી દ્વારા જ આ કાર્ય થઈ રહ્યું છે તેવી ભાવના કેળવવી.

**(૫) નવરાત્રિ સિવાય અન્ય સમયે અનુષ્ઠાન કરી શકાય?**

દર મહિનાની સુદ એકમથી અનુષ્ઠાનનો આરંભ કરી શકાય.

**(૬) અનુષ્ઠાન દરમિયાન સૂતક, માસિક કે અન્ય કોઈ અડચણથી અનુષ્ઠાન અધૂરું છોડવું પડે તો —**

(અ) અનુષ્ઠાન આગળ ચલાવી પૂરું કરી શકાય?

(બ) માતાજીનો કોઈ અપરાધ થયો ગણાય?

અધૂરું અનુષ્ઠાન આગળ ચલાવી પૂરું કરી શકાય નહિ. નવેસરથી શરૂ કરી પૂર્ણ કરવું. સાંસારિક કે શારીરિક અડચણને કારણે અનુષ્ઠાન છોડવું પડે તો તેમાં માતાજીનો કોઈ અપરાધ થયેલો ગણાય નહિ. કોઈપણ જાતની બીક-ભીતિ રાખ્યા વગર ઉપાસના કરવી.

**(૭) અનુષ્ઠાન કરતી વખતે આપણી દૈનિક માળાનો ક્રમ ચાલુ રાખવો પડે?**

લઘુ અનુષ્ઠાન વખતે દરરોજની ૨૭ માળા ઉપરાંત દૈનિક ૩ માળા એમ કુલ ૩૦ માળા કરવી પડે.

અનુષ્ઠાન વખતે દૈનિક માળા અલગ કરવાની જરૂર નથી. દૈનિક કાર્યક્રમનો વિશિષ્ટ કાર્યક્રમની અંદર જ સમાવેશ થઈ જાય છે.

□


મા ગાયત્રીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશિષની અભ્યર્થના

શ્રી અંબિકા સુગર ટ્રેડીંગ કું.

શ્રી કૃષ્ણા સુગર એન્ડ ઓઈલ ડેપો

શ્રી જય જલારામ સુગર સેન્ટર

હોલસેલ સુગર એન્ડ ઓઈલ મરચન્ટ

ઠે. અલાયાવાડી, માલી ફળિયા, સુરત.

સૌજન્ય : શ્રી અંબિકા સોપ ફેક્ટરી એન્ડ ટી ડેપો (હોલસેલ વિભાગ)

શ્રી જય અંબે સોપ એન્ડ ટી સેન્ટર (છૂટક વિભાગ)

ફોન નંબર : ઓફિસ : ૨૯૧૯૪, ૩૬૩૦૬, ૨૩૮૪૯ * ઘર : ૨૭૯૧૨, ૩૩૬૩૦, ૨૪૦૪૧




Scanned by CamScanner

# 'નિલોષા'ના આધ્યાત્મિક જન્મદિનની સંધ્યાએ...

પૂજ્ય ગુરુદેવના કાર્યયજ્ઞનું સ્થળ નિલોષા, ઉષાબેન. નલિનકાંતભાઈ તેના માલિક–માબાપ. નિલોષાનો આધ્યાત્મિક જન્મદિન ૪ થી સપ્ટેમ્બર. આજે તેણે સાતમા વર્ષમાં મંગલ પ્રસ્થાન કર્યું છે. ૧૯૮૦ના આજ પવિત્ર દિવસે પૂજ્ય ગુરુદેવના કાર્યયજ્ઞનો આરંભ નિલોષા પર થયો હતો. ત્યારથી જ આ ભૂમિ તીર્થભૂમિ બની રહી છે. અહીંયાથી પૂજ્ય ગુરુદેવ દ્વારા વહેવરાવવામાં આવતી જીવનજળની ગંગાનું પાન કરીને તેમ જ કાર્યયજ્ઞમાં કુંડમાં દૂષણોની આહૂતિ આપીને લાખો માનવબંધુઓએ નવજીવન પ્રાપ્ત કર્યું છે.

સાતમા વર્ષના મંગલ દિવસની સંધ્યા ટાણે પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યમાં ગુરુભક્તો, માતાજીનાં બાળકો આ તીર્થભૂમિનો જન્મદિવસ ઉજવવા એકત્ર થયાં હતાં. મા ગંગા–ગાયત્રીને પ્રત્યક્ષ પધારી નિલોષાને આશિર્વાદ આપવા અને સહુને દર્શન દેવા માટે અંતઃકરણથી પ્રાર્થના કરી રહ્યાં હતાં.

સાંજે ૭ વાગે પૂજ્ય ગુરુદેવનું સહકુટુંબ સાથે નિલોષા પર ઉભય દંપતિએ પુષ્પવૃષ્ટિ કરીને સ્વાગત કર્યું, અને મંગળગીત ગાતાં ગાતાં માતાજીના રૂમમાં દોરી ગયાં. નિલોષાનું સમગ્ર વાતાવરણ દિવ્યતાથી, આનંદથી છવાઈ ગયું હતું. દેવોની ઉપસ્થિતિ હોય તેવો સ્વર્ગીય આનંદ સમગ્ર વાતાવરણમાં અને સહુના ચહેરા પર વર્તાતો હતો. સાડા ૭ વાગે પૂજ્ય ગુરુદેવ સભામંડપમાં વ્યાસપીઠ પર બિરાજમાન થયા. બાજુમાં જ પૂજ્ય કુસુમબેન, પૂ. બહેનજી અને પૂજ્ય ગુરુદેવના પરિવારના સભ્યો બેઠા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ઉષાબેન અને નલિનકાંતભાઈએ પૂજ્ય ગુરુદેવ, બહેનજી અને કુસુમબેનનું કુમકુમ, અક્ષત, હારથી પૂજન કર્યું અને પૂજ્યશ્રીની આરતી ઉતારી. "દૈત્રલોકથી એક દેવીએ પધારી પાવન કર્યાં અમારાં આંગણાં"...ગીતની રમઝટ સાથે માતાજીનું અંતઃકરણથી સ્વાગત કર્યું.

આ પ્રસંગે ભક્તોમાંથી થોડા વક્તાઓએ પ્રાર્થના, ભાવ, લાગણીઓ અને મીઠો ઝઘડો વ્યક્ત કરતાં, પ્રશ્નો, વક્તવ્યો, ગીત, શાયરી વ્યક્ત કરી સહુ ભક્તોના અંતરના અવાજને માતાજી સુધી પહોંચાડવા માટે ગુરુદેવને વિનંતી પ્રાર્થના કરી.

પૂ. ગુરુદેવે તેમના નિખાલસ અને હૃદયસ્પર્શી વક્તવ્યમાં દરેક ભક્તની મીઠી વ્યથાને આવરી લેતાં માતાજીને યશકલગી પહેરાવી દીધી. પૂજ્યશ્રીએ આપેલા નવ સૂત્રોને જીવનમાં અપનાવવાના તેમના પ્રતિભાવને પુનઃ દોહરાવ્યો અને જણાવ્યું કે આ સૂત્રોને જીવનમાં અપનાવશો તો હૃદયના અરીસા પર લાગેલ ડાઘ દૂર થઈ જશે અને માતાજીને દર્શન દેવા ઉપસ્થિત રહેવું પડશે. ('અહમ્' વિષેનું પૂજ્યશ્રીનું વક્તવ્ય બીજા લેખમાં સમાવી લીધું છે.) અંતમાં પૂજ્યશ્રીએ આનંદ સાથે જણાવ્યું કે માતાજી રૂમમાં પધારી ગયાં છે. સોફામાં આરામથી બેઠાં હતાં અને પ્રસાદ આરોગ્યો છે. સમગ્ર વાતાવરણમાં આનંદનું મોજું ફરી વળ્યું અને પરોક્ષ દર્શનની તાલાવેલી લાગી.

માતાજીની ઉપસ્થિતિનાં એંધાણ ...

સોફામાં માતાજી બિરાજમાન થયાં હતાં ત્યાં બેઠકનાં નિશાન દેખાતાં હતાં. આરામની સ્થિતિમાં જમણા પગ પર ડાબો પગ ટેકવ્યો હોય તેમ જમણા પગના પંજાના ચિહ્ન આસન પર વરતાતાં હતાં. પ્રસાદ આરોગ્યો હોય તેમ થોડું એંઠું થયેલું, તૂટલું દેખાતું હતું. સ્વર્ગીય વાતાવરણ, આહ્લાદક સુવાસથી સમગ્ર ખંડ મહેંકી રહ્યો હતો.

કાર્યક્રમની પૂર્ણાહૂતિ પ્રસાદ અને પૂ. ગુરુદેવના ચરણવંદનથી કરવામાં આવી.

□

# અહમ્‌નો ત્યાગ

નિલોષા બંગલાના સાતમા આધ્યાત્મિક જન્મદિવસના પર્વપણે મંગલ આશીર્વચન બોલતાં પૂજ્ય ગુરુદેવે કહ્યું કે,

"હું જે કંઈ કાર્યયજ્ઞ કરું છું તેમાં મારી કોઈ શક્તિ નથી. પૂજ્ય માતાજી મને આ કાર્ય કરાવે છે. હું તો ફક્ત માધ્યમ જ છું. એકધારી સતત દશ વર્ષથી ચાલતા આ કાર્યયજ્ઞના પ્રણેતા માતાજી છે અને તેઓશ્રીના માર્ગદર્શન અને શક્તિ અનુસાર જ હું આ માનવસેવાનું કાર્ય કરું છું."

કેટલું વિનયી અને અહંકાર રહિત આ ઉચ્ચારણ છે! વક્તાઓમાંથી પૂછેલા પ્રશ્નનો જવાબ શું આમાં નથી આવી જતો.

એક વક્તાનો પ્રશ્ન હતો: "અહમ્ એટલે શું? અહમ્‌ને કેવી રીતે ઓળખી શકાય? અહમ્‌નો ત્યાગ કેવી રીતે કરી શકાય?"

શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે કે, "કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન — કર્મમાં જ તારો અધિકાર છે, તેના ફળમાં નહિ!"

પરમાત્મા આપણા માલિક છે. એણે જે કાર્ય આપણને સોંપ્યું છે કે કાર્ય કરવા માટે નિર્માણ કર્યા છે, તો તે કાર્ય આપણે પૂરી નિષ્ઠાથી કરવાનું છે. નફાતોટાનો વિચાર આપણે કરવાનો નથી. નફા–નુકસાનની જવાબદારી માલિકની રહે છે. દુકાનમાં કામ કરતા ગુમાસ્તાની જવાબદારી તેને સોંપેલ કામ કરવાની છે. નફા–નુકસાનનો વિચાર દુકાનદારે કરવાનો હોય છે.

પરમાત્માએ ઉત્પન્ન કરેલ સૃષ્ટિના અનેક જીવોમાં કંઈ ને કંઈ ગુણ અને અવગુણ ભરેલા જ હોય છે. પરમાત્મા સિવાય કોઈ જ સર્વસંપન્ન નથી. આવું શાસ્ત્રો દ્વારા જાણ્યું હોવા છતાં આપણે એમ માની બેસીએ છીએ કે બીજા બધા કરતાં મારામાં કોઈ વિશિષ્ટ ગુણ–આવડત–શક્તિ છે. મારામાં બીજા કરતાં અમુક વિશિષ્ટ અવગુણ છે તેનો આપણે ક્યારેય વિચાર કરતાં નથી. આવી વિશિષ્ટ અહમ્‌ભરી માન્યતા જ આપણા હૃદયમાં અભિમાન અને અહંકારની ઉધાઈના રાફડા બાંધે છે. જો આપણે આપણી ખામીઓ, અવગુણો પર નજર નાંખીશું તો અહંકારનો ઘોડો મન પર સવાર નહિ થાય પરંતુ નમ્રતા, વિનય અને લઘુતા આવ્યા વગર નહિ રહે.

લઘુતા સે પ્રભુતા મિલે, પ્રભુતાસે પ્રભુતા દૂર,
જો પ્રભુ હોના ચાહત હૈ, તો લઘુતા ધાર જરૂર.

પરમાત્મા સિવાય સર્વગુણસંપન્ન કોઈ જ નથી એટલે જ આપણે પરમાત્માની ભક્તિ અને સંતોના ગુણગાન ગાઈએ છીએ. આનાથી આપણી સામે એક મહાન આદર્શ રહે છે કે મારા કરતાં ય મહાપુરુષો ખૂબ જ ગુણવાન, શક્તિશાળી, નિરભિમાની છે. એમની સામે આપણે બહુ વામણા લાગીએ. આ પ્રમાણે જાણવા, સમજવા છતાં પણ જો આપણે અભિમાન કરીએ તો તે આપણું ડહાપણ નથી, નરી મૂર્ખતા જ છે.



Scanned by CamScanner

કામ, ક્રોધ, લોભના પંજામાંથી આપણે આપણી જાતને છોડાવી શકતા ન હોઈએ તો આપણા થોડાક ગુણો, આવડત, શક્તિ પરનું અભિમાન નિરર્થક ગણાય.

થોડીક વિશિષ્ટતા કે સાધારણ ગુણની પિછાણ થયે આપણે આપણી જાતને મહાન માની બેસીએ છીએ, પરંતુ તેથી તો આપણા વિકાસનો માર્ગ અટકી જાય છે. વધારે સિદ્ધિ હાંસલ કરવાની આડે અભિમાનની અભેદ્ય દિવાલ આપણે ખડી કરી દઈએ છીએ.

સાધારણ જ્ઞાન કે સિદ્ધિ પ્રાપ્ત થતાં જ મનુષ્ય પોતાને મોટો જ્ઞાની સિદ્ધ પુરુષ સમજવા લાગી જાય છે અને તેની સાથે સાથે જ અહંકારની અભેદ્ય દિવાલ તેના ચરમસીમાએ પહોંચવાના પ્રયત્નમાં અંતરાયરૂપ બની ઊભી રહી છે.

જ્ઞાન, સિદ્ધિ, શક્તિ વિગેરેની પ્રાપ્તિ માટે વિનય અને નમ્રતા એ પાયાની મૂળભૂત જરૂરિયાત છે. બીજાની પાસેથી આપણે કંઈ પણ મેળવવું હોય તો વિનય અને નમ્રતાથી મેળવી શકાય, અહંકારથી નહિ.

રાવણ મૃત્યુશૈયા પર હતો ત્યારે રામચંદ્રજીએ લક્ષ્મણજીને રાવણ પાસે કુશળ રાજનિતિનાં સૂત્રો શીખવા માટે મોકલ્યો. લક્ષ્મણજી રાવણના માથા પાસે ઊભા રહ્યા અને કુશળ રાજનીતિ શીખવવા વિનંતી કરી. રાવણે લક્ષ્મણજીને પોતાના પગ આગળ આવવા કહ્યું. પગ પાસે બેઠા પછી જ રાવણે તેને રાજનીતિનાં સૂત્રો શીખવ્યાં. નમ્ર બનીએ, નાના બનીએ તો જ જ્ઞાન પ્રાપ્ત થાય. મોટાપણાનો અહંકાર રાખવાથી જ્ઞાન પ્રાપ્ત થતું નથી.

અભિમાન કોઈનું રહ્યું નથી. મહાન શક્તિશાળી, જ્ઞાનવાન, ધનવાનો આ દુનિયામાં આવ્યા અને ચાલ્યા ગયા. જેણે જેણે પોતાની શક્તિનું, સંપત્તિનું, રૂપનું અભિમાન કર્યું તેને કુદરતે જબ્બર થપ્પડ મારી છે અને અભિમાનના ચૂરેચૂરા કરી નાખ્યા છે. પ્રકૃતિએ શેરને માથે સવાશેર ઘડેલા જ છે. માનવીનું અભિમાન ઊતારવા માટે કુદરત પાસે ઘણાં સાધનો છે.

યુવાવસ્થામાં આપણી સિદ્ધિઓ, શક્તિનો વિકાસ થયેલો જોઈને આપણે મદ-અહંકારમાં છકી જઈએ છીએ. વિનય-વિવેક વિસરી જઈ બીજાને આપણાથી તુચ્છ સમજી ઊતારી પાડવાની, અપમાનિત કરવાની પ્રવૃતિ આદરીએ છીએ. વૃદ્ધાવસ્થામાં તેની શક્તિનો હ્રાસ થતાં તેનું અભિમાન ઓગળી જાય છે. યુવાનીમાં આચરેલાં અહંકારી કૃત્યોથી હવે તેને કોઈનો સાથ-સહકાર મળતો નથી.

વૃદ્ધત્વની જેમ, મૃત્યુ પણ એને સચોટ બોધ આપે છે. અઢળક ધનસંપત્તિનો માલિક હોવા છતાં બધું જ અહીં છોડીને જવાનું છે. મૃત્યુ સમયે શરીર, બુદ્ધિ, જ્ઞાન, ધન, કશું જ કામ આવતું નથી.

જન્મ-મૃત્યુ, ચડતી-પડતી, ઉન્નતિ-અવનતિ એકબીજા સાથે સંકળાયેલાં છે. આજનો કરોડપતિ કાલે રોડપતિ બની જાય છે. પરમાત્માની મહાનતા પાસે આપણે કેટલા ક્ષુદ્ર છીએ એનું સતત ચિંતન કરવાથી આપણા હૈયામાં અભિમાન ક્ષણભર પણ ટકશે નહિ. આપણાથી મહાન માણસોની શક્તિનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે આપણો અહમ્ બરફની જેમ ઓગળી જાય છે.

અભિમાન આપણો મોટામાં મોટો શત્રુ છે. આપણા વિકાસને રૂંધે છે. ક્રોધ, ઈર્ષા વિગેરે અનેક દુર્ગુણોની વૃદ્ધિ કરે છે. ઈર્ષા અને દ્વેષનું જન્મદાતા પણ અભિમાન જ છે.



Scanned by CamScanner

મદ (અભિમાન) અને મદ્ય બંને ઘાતક છે. મદ્યપાનથી માણસ પોતાની શુધબુધ ગુમાવી બેસે છે. વિવેક વિસારી દે છે. મદનો પણ એવો જ નશો છે. અહંકારમાં માણસ આંધળો બની જાય છે, માણસાઈ વિસારી દે છે. અને ન કરવાનાં કામ કરી બેસે છે. ઘમંડમાં સાચા માણસને કટુ વચન બોલી સખત આઘાત પહોંચાડે છે.

અભિમાન તપનું હોય કે જ્ઞાનનું હોય, દાનનું હોય કે શક્તિનું હોય, પરંતુ તે આપણી ધર્મની સમસ્ત કમાઈ પર પાણી ફેરવી દે છે. હું-પણાનો ભાવ તેની આધ્યાત્મિક ઉન્નતિમાં રુકાવટ કરે છે.

મહાપુરુષો પોતાને મળતાં સન્માન, આદર વગેરેને પોતાનાં સન્માન, આદર ન સમજતાં પોતાનામાં રહેલા ગુણને તે માન-સન્માનને લાયક ગણે છે અને વિશેષમાં તે ગુણોના ઘડવૈયા પરમાત્માને સઘળા યશના ભાગીદાર બનાવે છે, અને કર્તાપણાના ભાવમાંથી મુક્ત થઈ જાય છે. અહમ્‌ની છાયાને તેમની સમીપ ફરકવા દેતા નથી, સાથે સાથે સામા માણસના ગુણને તેઓ આદરપૂર્વક સન્માને છે.

□


Manufacturer of

**ELECTRICAL ACCESSORIES**

**STANDARAD ELECTRICAL PRODUCTS**

1, Sadhana Industrial Estate, S. V. Road, Oshiwada Bridge,
Jogeshwari ( West ), Bombay - 400 102

Gram : Seproswich Bombay 400 102 Phone : 573220




Scanned by CamScanner

# જન્મદિને માના દિવ્ય આશીર્વાદ

## ૧. પૂજ્ય ગુરુદેવના નિવાસસ્થાન "શ્રદ્ધા"માં માનું આગમન

મા ગાયત્રીએ તેના લાડલા દીકરા નરેન્દ્રને (પૂજ્ય ગુરુદેવને) તા. ૫-૯-'૮૫ ગુરુવારના રોજ સદેહે પધારી જન્મદિનના દિવ્ય આશીર્વાદ આપી કાર્યયજ્ઞ વિષે યથોચિત માર્ગદર્શન આપ્યું તેની વિગત પૂજ્યશ્રીના શબ્દોમાં પ્રસ્તુત કરી છે :

તા. ૫-૯-'૮૫ ગુરુવારે ૧૦ વાગે હું મારા પૂજા ખંડમાં પૂજામાં હતો. ધ્યાનમાં લીન હતો, ત્યાં પ્રકાશનો પુંજ મારી આંખોમાં સમાઈ ગયો. થોડી વારમાં 'ખટ્' કરતો અવાજ થયો; એટલે ધ્યાનમાં વિક્ષેપ પડયો. આંખો ખોલીને જોયું. મારી બેડરૂમમાં બંને ટ્યુબલાઈટ ચાલુ થઈ ગઈ હતી. હું ઊઠીને મારી બેડરૂમમાં આવ્યો.

થોડીવાર ટેબલ પાસે ઊભો રહી વિચારતો હતો ત્યાં જ પલંગમાં મધ્યમાં પ્રકાશનો એક ઝબકારો થયો અને એ તેજપુંજની સાથે જ મેં માતાજીને ૨૫-૩૦ વર્ષની યુવતીના સ્વરૂપે મૃદુ હાસ્ય વેરતાં પલંગમાં મધ્યમાં બિરાજમાન જોયાં.

આનંદના અતિરેકમાં વાચા હણાઈ ગઈ અને નાના બાળકની જેમ દોડીને જમીન પર બેસી માના ખોળામાં મારું માથું-મસ્તક ઢાળી દઈ વાત્સલ્યનો મીઠો લ્હાવો માણવા લાગ્યો. માએ મારા માથે અને બરડે વાત્સલ્યસભર મૃદુ હસ્ત પસવારતાં પસવારતાં કાર્યયજ્ઞ વિષે વિશિષ્ટ માર્ગદર્શન આપ્યું.

માતાજીએ પીન્ક (ગુલાબી) રંગની સાડી પરિધાન કરી હતી. કેશ છૂટા હતા. ગળામાં હાર, હાથમાં કંગન, કાને કુંડળ, નાકે ચૂની અને પગમાં ઝાંઝર પહેર્યાં હતાં.

દસેક મિનિટ માનો વાર્તાલાપ ચાલુ હતો. ઘંટડીના રણકાર સમો મૃદુ અવાજ ક્યારે બંધ થયો તેનો મને ખ્યાલ રહ્યો નહિ. ભાવસમાધિમાંથી બહાર આવ્યો ત્યારે જ ખ્યાલ આવ્યો કે મા અંતઃધ્યાન થઈ ગયાં છે.

થોડી વારે શાતા વળતાં ઘરનાં સભ્યોને માતાજીના આગમનની જાણ કરી આનંદના સહભાગી બનાવ્યાં.

### ઘરના સભ્યોને માના આગમનની એંધાણીઓનો અનુભવ

કુસુમબેન (મમ્મી) : પૂ. ગુરુદેવના રૂમનો દરવાજો બંધ હતો પરંતુ દરવાજાની તિરાડમાંથી દિવ્ય પ્રકાશનાં કિરણો બહાર સુધી દેખાતાં હતાં. અલૌકિક સુવાસની લહેર બહારના રૂમ સુધી આવતી હતી. દરવાજો બંધ હતો. અંદરના વાર્તાલાપનો ગણગણાટ બહાર સંભળાતો હતો પરંતુ કંઈ સ્પષ્ટ સમજાતું નહોતું. દરવાજો ખૂલતાં જ આહ્લાદક સુવાસનો પમરાટ મનને આનંદિત બનાવી રહ્યો હતો. પલંગમાં માતાજી બિરાજમાન હતાં ત્યાં બેઠકનાં ચિહ્ન વરતાતાં હતાં. ત્રણ નાનાં તકિયા જે ઉપર મૂક્યા હતા તે મોટા તકિયાને અઢેલીને ગોઠવાયેલા હતા. માતાજી આ તકિયા પર અઢેલીને આરામથી બેઠેલા હોય તેમ વર્તાતું હતું. માતાજીએ ચરણ ટેકવ્યાં હતાં તે પલંગ પાસેના આસન-જાજમ પર સુવાસ આવતી હતી.

કોઈ અનોખી સુવાસથી સમગ્ર વાતાવરણ મહેકતું હતું. ઘરનાં અન્ય સભ્યોને અલૌકિક સુવાસનો અનુભવ થયો હતો.

* * *



Scanned by CamScanner

## ૭મી સપ્ટેમ્બરે સીવીલ હૉસ્પિટલમાંના નિવાસસ્થાને માતાજીનું પ્રત્યક્ષ આગમન, આશિર્વાદ અને કૃપા–પ્રસાદી

સીવીલ હૉસ્પિટલના નિવાસસ્થાને પણ પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ માતાજીના પ્રત્યક્ષ આગમનની પૂર્વ તૈયારી રૂપે રૂમની સજાવટ કરી રાખી હતી. પરંતુ પાંચમી તારીખે વસ્ત્રાપુરમાં માતાજી પધારી ગયાં હતાં તેથી અત્રે પુનઃ પધારશે કે કેમ તેવો સંશય સહુના મનમાં હતો. સહુ ભક્તોના અંતઃકરણની આરઝુ હતી જે તેઓના ભજનોમાં, પ્રાર્થનાઓમાં નિતરી રહી હતી કે માતાજી ભક્તોના માટે પણ અત્રે પધારી કૃપા-પ્રસાદી વરસાવે.

છઠ્ઠીએ રાતે પૂ. ગુરૂદેવ સીવીલમાં રોકાયા હતા. બ્હેનજીએ માતાજીની રૂમમાં પલંગ પર મખમલની ચાદર પાથરી રાખી હતી. તકીયો, ઉશીકું, પગ ટેકવવા આસન તેમ જ બાજુમાં ટેબલ મૂકી રાખ્યું હતું. ચરણ ટેકવવાના આસન પર એક નાનો રૂમાલ પાથરી રાખ્યો હતો કે જો માતાજી પધારે તો કુમકુમ પગલાંના દર્શન કરી શકાય. ૭મીની સવારે પૂ. ગુરૂદેવ પૂજામાં બેઠાં હતાં ત્યારે પુનઃ માતાજી સદેહે પધારી તે દિવસના લાડલા દીકરાના જન્મદિનના મંગલ અવસરને દેદિપ્યમાન બનાવી દીધો.

માના મંગલ આગમનની વિગત પૂજ્ય ગુરૂદેવના શબ્દોમાં:

"શનિવારે સવારે હું પૂજામાં બેઠો હતો. સવારે ૭–૨૫ વાગે પલંગમાં મધ્યમાં પ્રકાશનો એક ઝબકારો થયો. તે પ્રકાશપુંજની સાથે જ માતાજીને મેં પલંગમાં મધ્યમાં બિરાજમાન જોયાં. લીલા રંગની રેશમી સાડી તેમ જ આભૂષણોથી મા વિભૂષિત હતાં. મૃદુ હાસ્ય, વરદ હસ્ત આશિર્વાદની મુદ્રામાં હતો. હું તો માતાજીના મંદિર પાસે બેઠો હતો. પરંતુ મારા બરડે પણ માએ મૃદુ હસ્ત પસવારી આશિર્વાદ આપ્યા. મારી જગ્યાએથી ઊઠીને માના ચરણ ચૂમવાના મારા વિચારને કોઈ અવકાશ મળે તે પહેલાં તો થોડી ક્ષણોમાં જ મા અદશ્ય થઈ ગયાં. દિવ્ય સુવાસમય વાતાવરણમાં માના આવાગમનને દષ્ટિ-પટ પર જ વાગોળતો હર્ષાશ્રુ વહાવતો બેસી રહ્યો. થોડી વારે શાતા વળતાં જોયું તો...

માએ ચરણ ટેકવ્યાં હતાં તે આસન પરના રૂમાલ પર કુમકુમ પગલાં હતાં. બાજુમાં રાખેલ ટેબલ પરના રૂમાલમાં મૂઠી ભરીને બદામની ઢગલી કરી હતી. પલંગમાં મા બિરાજમાન હતાં ત્યાં બેઠકના ચિહ્ન વરતાતાં હતાં. બ્હેનજીને બોલાવી મારા આનંદના સહભાગી બનાવ્યાં. વાતાવરણ આહ્લાદક અને સુવાસમય હતું.

□


'ગુરુકૃપા હિ કેવલમ્'

**મીના ટ્રેડર્સ**

"ભગવતી"


ઉદવાડા–Rs. ૩૯૬૧૮૫




Scanned by CamScanner

ઑક્ટોબર. ૧૯૮૫.

# પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં...



લેસ્ટર (ઇંગ્લેન્ડ)માં ગાયત્રી કુટીરમાં પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યમાં બેઠા હતા. અન્ય શહેરોમાંથી પણ ઘણા મુમુક્ષુઓ વ્યક્તિગત મુલાકાત માટે તેમ જ પૂજ્યશ્રીનું સાન્નિધ્ય મેળવવા માટે આવે છે.

આ વર્ષે ઇંગ્લેન્ડની મુલાકાત દરમિયાન એક અંગ્રેજ બહેને જીજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઈને પૂજ્યશ્રીને સીધો જ પ્રશ્ન પૂછ્યો (ગુજરાતીમાં અનુવાદ કરીને લખેલ છે.) :

૧. પૂજ્ય ગુરુદેવ આપના ભવ્ય, તેજસ્વી અને દૈવી વ્યક્તિત્વનું રહસ્ય શું છે? આપને જોતાં આંખ ઠરે છે, માનસિક શાંતિનો અનુભવ થાય છે.

૨. આપે આપનું સૌમ્ય, નિખાલસ અને પ્રેમાળ વ્યક્તિત્વ કેવી રીતે વિકસાવ્યુ? શું આપને જીવનમાં ક્યારેય નિષ્ફળતા સાંપડી છે? આપને દુઃખનો અનુભવ થયો છે?

૩. આપે આટલા બધા માણસોને વ્યક્તિગત મુલાકાત આપી હોવા છતાં આપના ચહેરા પર થકાવટ, કંટાળો વર્તાતો નથી તેનું રહસ્ય શું છે?

પૂજ્ય ગુરુદેવે અને બહેનજીએ તેના પ્રશ્નોના જવાબ અંગ્રેજીમાં આપી તેના મનનું – પ્રશ્નોનું સમાધાન નીચે પ્રમાણે કર્યું :

મીઠું, મોહક હાસ્ય વેરી ગુરુદેવે બહેનજીને પ્રશ્નનો જવાબ આપવા મૂક આદેશ આપ્યો. પૂજ્યશ્રીની ભવ્યતા ઓર દીપી ઊઠી.

૧. પૂર્વજન્મના પ્રારબ્ધકર્મ રૂપે મળેલ શારીરિક વારસો તેમ જ નિયમિત જીવન અને દૈનિક ઉપાસના દ્વારા પ્રાપ્ત થયેલ ઇષ્ટની કૃપા આ ભવ્ય, તેજસ્વી અને દૈવી વ્યક્તિત્વનું રહસ્ય છે. ષડ્રિપુઓ કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર અને ઈર્ષ્યાના ઘોડાઓને લગામમાં ( સંયમમાં ) રાખવાથી માનસિક તણાવ રહેતો નથી. મન, વચન અને કર્મથી પવિત્ર રહી, સત્યનું આચરણ કરવાથી આ પ્રમાણેનું વ્યક્તિત્વ ખીલી શકે છે. વ્યક્તિની ચામડીના રૂપરંગ સાથે ભવ્યતા, તેજસ્વિતાને કોઈ જ સંબંધ નથી.

આપણે આપણા જીવનમાં ચોક્કસ પ્રકારની આચારસંહિતા તન, મન અને જીવન જીવવાના રીતની ઘડીએ અને તે પ્રમાણે જીવન જીવવાની શરૂઆત કરીએ તો આપણું વ્યક્તિત્વ પણ ચોક્કસ આકાર લેવા માંડે છે અને એક વિશિષ્ટ પ્રભાવશાળી વ્યક્તિત્વ ખીલી ઊઠે છે. તન, મન અને પ્રાણ નિર્મળ થતાં તેનો પ્રભાવ અન્યના મન પર અંકિત થઈ આદરનો ભાવ ઉત્પન્ન કરે છે.

૨. પ્રશ્નના પૂર્વાર્ધ ભાગનો જવાબ બહેનજીએ આગળના પ્રશ્નના જવાબમાં આપી દીધો હતો.

મારા જીવનની સફળતા–નિષ્ફળતા અંગેનો મારો પ્રતિભાવ મેં અગાઉ અનેક વાર જણાવ્યો છે. તેમ જ 'આધ્યાત્મિક કેડી' – ત્રૈમાસિક પત્રિકામાં અને મારાં પુસ્તકોમાં પણ મેં પ્રગટ કર્યો છે. જગતમાં જન્મ ધારણ કરીને આવેલ દરેક વ્યક્તિને સફળતા–નિષ્ફળતાનો અનુભવ જીવન દરમિયાન થાય જ છે, પરંતુ તેને જીરવવાની, સહન કરવાની માત્રા વ્યક્તિમાં જુદી જુદી હોય છે. મેં મા ગાયત્રીની સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ સ્વીકારી છે. મા–બાળકનો સંબંધ કેળવ્યો છે, એટલે સુખ–દુઃખ, સફળતા–નિષ્ફળતા અંગેનો મારો અભિગમ બહુ જુદો છે. જીવનના રંગો તો બદલાતા જ રહે છે. કોઈ પણ પરિસ્થિતિ કાયમ ટકતી નથી. સુખ અને દુઃખ એ મનની પરિસીમા છે. આપણે આપણાથી વધારે દુઃખી વ્યક્તિનો વિચાર કરી, આપણા દુઃખને તેના દુઃખ સાથે સરખાવીશું તો આપણે આપણી જાતને સદ્ભાગી માનીશું. આપણે એક રૂમમાં રહેતાં અગવડતા અનુભવીએ છીએ, ત્યારે ફૂટપાથ પર – ઉપર આભ અને નીચે ધરતી જેવી દશામાં – જીવતા આપણા માનવબંધુઓનો વિચાર કરીએ તો એક રૂમમાં રહેવાની અગવડો ગાયબ થઈ જશે.

મારી નિષ્ફળતા માટે હું હંમેશાં કોઈની ઇર્ષ્યા કે દ્વેષ કરતો નથી, પરંતુ સતત પ્રયત્નશીલ રહી નિષ્ફળતાને સફળતામાં ફેરવીને જ જંપું છું. મારી સફળતા માટે હું ક્યારેય ગર્વ કરતો નથી. માતાજીની નિષ્કામ નિયમિત ભક્તિના પરિપાક રૂપે મને માતાજીનો સાક્ષાત્કાર થયો તે મારા જીવનની સફળતા કહી શકાય, પરંતુ સાક્ષાત્કાર થયા પછી બધું જ પામી ગયો માની મેં મારી ઉપાસનાની પૂર્ણાહૂતિ કરી નથી. મારી નિયમિત ઉપાસનાનો ક્રમ ચાલુ જ રાખી માતાજીનું સતત સાન્નિધ્ય અને માર્ગદર્શન મેળવી, મારા માનવબંધુઓની સેવામાં મારી સિદ્ધિ ને સફળતાને ઉપયોગમાં મૂકું છું.

૩. હાસ્ય સાથે ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં ગુરુદેવે કહ્યું, 'માતાજીની કૃપા.' બહેનજીએ ઉત્તરની પૂર્તિ કરતાં કહ્યું, 'માતાજી ગુરુદેવના માધ્યમ દ્વારા આ લોકસેવાનું કાર્ય કરે છે એટલે ગુરુદેવને થકાવટ ક્યાંથી લાગે !'

□



Scanned by CamScanner

# અચળ શ્રદ્ધા, પૂ. ગુરુદેવના આશિષ અને રાજરાજેશ્વરી મા ગાયત્રીની કૃપા!

વિજ્ઞાને અનેક ઔષધો-દવાઓ શોધ્યા હોવા છતાં માનવીના શરીરનાં દર્દો ઓછાં થતાં નથી, તેમાં રાહત મળતી નથી, બલ્કે દર્દો દિનપ્રતિદિન વધતાં જ જાય છે. વિજ્ઞાન અવનવી શોધો કરતું રહે છે તેની સાથે જ કદી જોયાં-જાણ્યાં ન હોય તેવાં અકલ્પ્ય દર્દો ઉપસ્થિત થતાં રહે છે ને માનવીને મુશ્કેલીમાં મૂકી દે છે. જે તે દર્દની દવા લેતાં તે દર્દો મટી જવાં જોઈએ, કયાં રાહત થવી જોઈએ, પણ એથી ઉલટું કોઈ દર્દ, કોઈ રોગ શરીરમાં પેઠાં કે દવા, પાણી ને ખોરાકની જેમ દવા કેવળ અનિવાર્ય જરૂરત હંમેશાને માટે બની રહે છે. એનો કોઈ જ છેડો આવતો નથી. ત્યારે પરમતત્ત્વની શક્તિની યાચના જ એક માત્ર ઉપાય બની રહે છે. કોઈક સન્તની-ગુરુની-આધ્યાત્મિક-આત્મિક શક્તિના આશ્રયની આવશ્યકતા ઉપસ્થિત થાય છે.

અલબત્ત, માનવીનાં દુઃખદર્દો તેના કર્મના બળે જ આવતાં હોય છે. એ કર્મ ક્ષીણ થવાને આરે હોય ત્યારે જ પરમતત્ત્વની શક્તિની યાચના માટે સ્ફુરણા જાગે છે. કોઈ સન્તના સાન્નિધ્યનો આશ્રય પામવાની ઉત્કંઠા જાગે છે. જાગ્રતિની એ પળો જ માનવીને ઊગારે છે ને ટકાવી રાખે છે.

સન્તનો સંસ્પર્શ પળભરમાં દર્દોને દૂર કરી દે છે. કારણ કે તેમનામાં પરમતત્ત્વની શક્તિનો આવિષ્કાર થયેલો હોય છે. જેમ સ્વીચ દાબો ને લાઈટનો ગોળો ઝબકી ઊઠે તેમ સન્તના સાન્નિધ્યનો સંસ્પર્શ પ્રાપ્ત થતાં જ વિદ્યુતશક્તિની જેમ તેમની શક્તિ મનુષ્યદેહમાં સંક્રાન્ત થતાં જ દર્દની વેદના સમાપ્ત થઈ શાંતિ મળે છે.

અત્રે આવો જ એક પ્રસંગ પ્રસ્તુત કર્યો છે.

ભરૂચથી મોહનભાઈ પાનવાળા લખી જણાવે છે: ઈ. સ. ૧૯૮૩ના લગભગ માર્ચ માસમાં મારાં ધર્મપત્નીના ડાબા હાથના મસલ્સમાં એકાએક દુઃખાવો ઉત્પન્ન થયો હતો. સમય મધ્યરાત્રીના બે વાગ્યાનો હતો. ફેમિલી ડૉકટરને બોલાવ્યા. ઈન્જેકશન-ટેબ્લેટ વગેરે આપવામાં આવ્યાં. થોડાક કલાક રાહત થઈ. બીજે દિવસે સવારે હતું તેવું જ દર્દ ચાલુ થયું. શહેરના મોટા ડૉકટરને બતાવ્યું. તેમણે કહ્યું કે કરોડના મણકામાં ખામી હોવાથી દુઃખાવો થાય છે. વીસ રૂપિયાનું એક ઈન્જેકશન મૂકવામાં આવ્યું. પરન્તુ ત્રણેક દિવસમાં ફરી પાછો દુઃખાવો ચાલુ થયો. ફરી ડૉકટરને મળ્યા. ડૉકટરે ખુલાસો કર્યો કે આ રોગ અસાધ્ય છે. ઈન્જેકશનનો પાવર ખલાસ થાય એટલે બીજું ઈન્જેકશન મુકાવવું જ પડે, જે જીવનભરનો ક્રમ થઈ પડયો હતો. હું છેલ્લા પાંચેક વર્ષથી પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં છું. પરન્તુ મારાં પત્નીને આધ્યાત્મિક બાબતમાં બહુ રસ નહોતો. તેમને વીગતો સમજાવી. મારાં પત્નીને પૂ. ગુરુદેવના શરણે લઈ ગયો. પૂ. ગુરુદેવને દર્દની પૂરી વીગત કહી. પૂ. ગુરુદેવની સમક્ષ મારાં ધર્મપત્ની એક નાના બાળકની માફક રડી પડયાં. પૂ. ગુરુદેવ કરુણાના સાગર - એમણે જમણા હાથની બે આંગળીઓ મારા પત્નીના હાથ ઉપર કે જ્યાં દુઃખાવો થતો હતો ત્યાં ફેરવી. બસ, તે જ ઘડીએ દર્દ અદશ્ય થઈ ગયું, જે આજ સુધી થયું નથી. ત્યારથી મારાં પત્નીને જે કંઈ તકલીફ હોય તો તે

પૂ. ગુરુદેવના સ્મરણ માત્રથી જ દૂર થઈ જાય છે. પૂ. ગુરુદેવના આશિષ મેળવવા એ પણ જીવનનો એક લહાવો છે. જો શ્રદ્ધા અચળ હોય તો, અને પૂ. ગુરુદેવના આશિષ હોય તો રાજરાજેશ્વરી મા ગાયત્રી અવશ્ય કૃપા કરે છે. આજના વિજ્ઞાનયુગમાં કદાચ સામાન્ય માનવી આ બાબત માનવા તૈયાર નહીં થાય, પરન્તુ સદ્‌નસીબે પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં આવવાનો અવસર મળે તો હું માનું છું કે જીવન ધન્ય થઈ જાય.

લિ. મોહનભાઈ ગો. પાનવાળા
મ્યુ. મારકેટ, ભરૂચ

* * *

આમ કોઈ પણ સન્ત હોય કે ગુરુદેવ હોય, દરેક વખતે દરેક દર્દીના દર્દમાં કંઈ આમ હાથ પસવારતાં નથી હોતા, એ તો શરણાગતની શ્રદ્ધા ને શરણાગતિ પર, તેના કર્મજનિત ફળ પર, ને પોતાના આરાધ્ય તત્ત્વ તરફથી પોતાને (સન્તોને) પ્રાપ્ત થતી સ્ફૂરણા ને પ્રેરણા અનુસાર તે શક્તિ કાર્યાન્વિત બને છે તે યાદ રાખવું રહ્યું.

□

પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ

M. N. CHAMPANERIA
B. E. Civil (HONS), A. M. I. E. (INDIA)

JANAK ENTERPRISE
1/29, NAVJIVAN CO-OPERATIVE HOUSING SOCIETY,
LAMINGTON ROAD, BOMBAY-400 008



Scanned by CamScanner

# ડૂબતી નૈયામાં બેઠેલાને નવો વિશ્વાસ અને શ્રદ્ધા મળ્યાં!

કોઈ પણ પ્રકારનું શિષ્ટ સાહિત્યિક, ધાર્મિક કે સન્તોનાં ચરિત્રો, સન્તોનાં લખાણો, પ્રેરક પ્રસંગોનું વાચન વ્યક્તિને માટે મૈત્રીની ગરજ સારે છે, માર્ગદર્શક બને છે એથી વ્યક્તિએ અનુભવેલ એક શૂન્યાવકાશ પુરાય છે. એ શૂન્યાવકાશમાં કોઈ પણ શિષ્ટ વાચનનો પ્રવેશ થાય છે ત્યારે એમાંથી વ્યક્તિને પોતાને મૂંઝવતા અનેક પ્રશ્નોના પ્રત્યુત્તરો સાંપડી રહે છે. અને એ રીતે વ્યક્તિ પોતાની આપત્તિઓ–મૂંઝવણોમાંથી બહાર નીકળી આવે છે. તેનામાં નવી શ્રદ્ધાનો સંચાર થાય છે. ને સંચારિત પામેલી શ્રદ્ધા દૃઢતાને માર્ગે આગળ વધે છે. અત્રે આવો જ એક પ્રસંગ પ્રસ્તુત કર્યો છે.

ભરૂચના વેજલપુરથી શ્રી નટવરલાલ ઠાકોરલાલ દહેગામવાળા લખી જણાવે છે : 'ઉપાસનાનો રાજમાર્ગ' નામનું પૂ. શાસ્ત્રીજીનું આધ્યાત્મિક પુસ્તક જ્યારે મને વાંચવા મળ્યું ત્યારથી શાસ્ત્રીજીના દર્શનની અભિલાષા જાગેલ, અને તા. ૩૧–૧૨–૧૯૮૩નાં રોજ જ્યારે મેં મારા સંગત પ્રશ્ન સહ મુલાકાત લઈ પરિવાર સહ પ્રથમ દર્શન કર્યાં, ત્યારે મા ગાયત્રીના કોઈ ભવ્ય મંદિરનાં દર્શન થતાં હોય, એમ શાસ્ત્રીજીના ચરણારવિંદના દર્શનથી પ્રતીતિ થઈ. શાંતિ મળી હતી. તે જ પળે મને થયું કે,

જો સદ્ગુરુ સોં દીક્ષા પાવેં। સો સાધનકો સફલ બનાવેં॥

મને હરસની તકલીફ છેલ્લા કેટલાય વર્ષથી હતી, તથા સંડાસ બાદ લોહી ટપકતું હતું. જેની સલાહ લેવામાં આવતી ત્યારે ડૉ. ઓપરેશન સિવાય બીજા કોઈ ઉપાયની સલાહ આપતા નહીં અને ઓપરેશન શબ્દ સાથે સંકળાયેલ ભીતિ જે રીતે બધાને લાગુ પડતી હતી એ રીતે મને પણ તંગ કરતી હતી. અમદાવાદ-નિવાસી ગાયત્રીના મહાન ઉપાસક પૂ. શ્રી નરેન્દ્રભાઈ શાસ્ત્રીજીના લેખો તથા 'ઉપાસનાનો રાજમાર્ગ' નામનું પુસ્તક વાંચવા મળ્યું કે તુરત જ મનમાં દર્શનની ઝંખના થવા લાગી, અને જ્યારે ૧૯૮૩ની ૩૧ મી ડિસેમ્બરે શિયાળાની કડકડતી ઠંડીમાં અમદાવાદ મુકામે એમના નિવાસસ્થાનની કૂટીરમાં મુલાકાત લીધી અને દર્શન કર્યા બાદ મારા પ્રશ્નની જાણ કરી તો મધુર સ્મિત કરી 'સારું થઈ જશે' એમ સાંભળી ખૂબ જ આનંદ થયો. વિશેષમાં નીચે મુજબની સલાહ પણ સાથે આપી :

(૧) સૌ પ્રથમ વહેલી સવારે ઊઠી ત્રણ ગાયત્રી–મહામંત્રની નિયમિત માળા કરવા આશિષ આપ્યા.

(૨) માળા બાદ 'જીવનજળ' લેવા કહ્યું.

(૩) દરરોજ સવારમાં એક કેળું લેવા જણાવ્યું.

સદ્ગુરુના શુભાશિષ પ્રાપ્ત થયા તે જાણે રામબાણ ઈલાજ મળી ગયો હોય એમ મને મહેસૂસ થવા લાગ્યું. હિંમત આવવા લાગી. અને એક માળા કરતાં જે કંટાળો આવતો હતો તેના બદલે હવે ત્રણ માળા કઈ રીતે પતી જાય છે એની મને ખબર પડતી નથી મતલબમાં નવું પ્રેરક બળ મળવા લાગ્યું.

'જીવનજળ'થી હરસની તકલીફ તથા માળા બાદ હરસના ઉપચાર તરીકે ગુરુજી દ્વારા દર્શાવવામાં આવેલ એક કેળાનો ઈલાજ આજે પણ ચાલુ રાખેલ છે. એક વર્ષના અમૂલ્ય ઉપચાર બાદ મારે ભાગ્યે જ કહેવાની જરૂર રહે છે કે માતાજીની કૃપાથી તથા સદ્ગુરુના આશિષથી હું એ વ્યાધિમાંથી મુક્ત છું.



Scanned by CamScanner

હું ૧૯૭૮થી ભરૂચ-વેજલપુર પારસીવાડ મુકામે ભાડાંના મકાનમાં રહું છું. આ ભાડાંના મકાનમાલિક સાથે વર્ષ ૧૯૮૧ સુધી સારા સંબંધ રહ્યા હતા. બીજી તરફ શહેરમાં આકાર લઈ રહેલ હાઉસિંગ સોસાયટીમાં મારાં ધર્મપત્નીના નામે મકાન નોંધાવેલ હતું, પરન્તુ આ વાત જ્યારે મારા મકાનમાલિકને ખબર પડી કે તુરત જ મારી સાથેના સંબંધો સંકેલી લઈ મારું ભાડું લેવાનું બંધ કર્યું. મેં ત્યાર બાદ તરત જ માસિક ભાડું મનીઑર્ડરથી મોકલવાનું શરૂ કર્યું એટલે મકાનમાલિક ફરીથી જૂના સંબંધો તાજા કરવા લાગ્યા. પરંતુ રુબરુમાં ભાડું લેવા માટે તથા રસીદ આપવા માટે આંખ આડા કાન કરવા લાગ્યા. મેં ફરીથી ત્રણ ત્રણ માસનું ભાડું એમ. ઓ. થી રવાના કરવા માંડયું. મને ખોટો ખર્ચ થાય એ માટે તમામ પ્રયત્નો અજમાવી જોવા પાછી પાની કરતા નહિ. મતલબમાં એક વખત એમ. ઓ. દ્વારા રવાના કરેલ ત્રણ માસનું ભાડું નામંજૂર કરે તો બીજી વખત કરેલ એમ. ઓ. કોઈ પણ જાતની આનાકાની કર્યા વગર સ્વીકારી લે. આ સાથે જ ઠંડા યુદ્ધની માફક નળના પાણી અંગે તથા વીજળી કનેકશન અંગે એટલી જ હાથ-કારીગીરી અજમાવવા લાગ્યા. હું અને મારો પરિવાર આ તમામ તકલીફ શાંતિ ચિત્તે સહન કરવા લાગ્યાં. એટલું ઓછું હોય એમ મારી ગેરહાજરીના સમય દરમ્યાન મારાં પત્ની તથા બાળકો સાથે વગર વાંકે ઝઘડો ઊભો કરવા લાગ્યા. આમ અમોને નહીં રહેવા માટે અનેક અંતરાયો ઊભા કરવા લાગ્યા, પરંતુ અમો આ તમામ ઉપાધિ સહન કરવા માટે ટેવાઈ ગયા.

૧૯૮૨ના ઑકટોબરમાં દીવાળી માસનું મકાનભાડું નામંજૂર કરી બીજા માસે કાયદાની કોર્ટમાં એક માસની નોટિસ આપી દાવો માંડ્યો ડિસેમ્બર ૧૯૮૨માં ઘર ખાલી કરાવવા છેલ્લું કોર્ટનું શસ્ત્ર ઉગામી જોયું. અને ખોટી રીતે આરોપ મૂકયો કે ભાડુત મને નિયમિત ભાડું આપતો નથી તેમ જ એમની સોસાયટીમાં મકાનનો કબજો મળી ગયો છે. જે સોસાયટીના મકાનનો સ્લેબ પણ પૂરો નંખાયો નહોતો તેને બદલે રહેવાલાયક મકાનનો કબજો મળી ગયો છે એમ ખોટો આક્ષેપ કરી મને કોર્ટની જંજાળમાં નાખી દીધો.

પરન્તુ રામ રાખે તેને કોણ ચાખે? અમારા ઉપર બાહ્ય તથા માનસિક ત્રાસ ગુજરવા લાગ્યો ત્યારે અમારા એક નજીકના સંબંધીએ પૂ. ગુરુજી-શાસ્ત્રીજીનો આશરો લેવા માર્ગદર્શન આપ્યું. અમે પતિ-પત્ની ૧૯૮૩ના ડિસેમ્બરની ૩૧મી તારીખે પૂ. ગુરુજીના આશીર્વાદ મેળવવા અમદાવાદ ગયા તથા પહાડ જેવી તકલીફની તમામ કેસની વીગતો વ્યક્ત કરી. ત્યારે એ જ મધુર સ્મિતે અમારા બન્નેનાં હૃદયમાં આશાનો નવો અંકુર સીંચ્યો અને બે કે ત્રણ શબ્દમાં અમારો ચિંતાનો પર્વત રાખ બનીને ઊડી જવા લાગ્યો. ગુરુજીએ સસ્મિત વદને માતાજીની છબી તથા આશીર્વાદ પાઠવતાં કહ્યું, દરરોજ વહેલી સવારે માતાજીની ત્રણ માળા કરજો. બધું સારું થઈ જશે.

પૂ. શાસ્ત્રીજીના હસ્તે મા ગાયત્રી-કલમવાહિનીની છબી તથા ગુરુજીનો સ્મિત વેરતો મધુર હાસ્યવાળો ફોટો હાથોહાથ મળ્યો ત્યારે ડૂબતી નૈયામાં બેઠેલ માનવી પાસે એક તરણું આવી જાય અને નવો વિશ્વાસ ઊભો થાય એવો વિશ્વાસ તથા શ્રદ્ધા આવી ગયેલ હતાં. ત્યારબાદ ૧૯૮૪માં મારો કોર્ટમાં નિયમિત મુકદ્દમો ઝાલતો થયો ત્યારે હું મારા કેસની તમામ વિગતો પૂ. ગુરુજી સમક્ષ યથાવકાશે રુબરુ મુલાકાત લઈ જાણ કરતો ગયો.

કેસ દરમ્યાન મને ખૂબ જ નિરાશા વ્યાપી ગઈ હતી અને શાસ્ત્રીજીને અમો બંને જણ મળ્યાં ત્યારે ફરીથી ખૂબ નક્કર આશીર્વાદ પાઠવી દીધા કે, હજી કોર્ટનું જજમેન્ટ નથી આવ્યું ને? તમે તમારો નિત્યક્રમ – ત્રણ ગાયત્રી મંત્રની માળા-ચાલુ રાખજો, માતાજી બધું સારું કરશે.



Scanned by CamScanner

બૂઝતા દીપકમાં કોઈ તેલ પૂરે એમ મને ફરીથી નવી શ્રદ્ધા અને વિશ્વાસરૂપી તેલ પૂ. ગુરુજીએ મારામાં પૂરી આપ્યું. મેં ત્રણ માળા ચાલુ જ રાખી હતી. વળી કોર્ટના કેસ દરમ્યાન ઠરાવને દિવસે હું કોર્ટમાં માનસિક જપ ચાલુ રાખતો હતો. વળી કોર્ટમાં ન્યાયાધીશની ખુરશી પર બેઠેલ જજને પૂ. શાસ્ત્રીજી સમજીને વિનંતીઓ કરતો હતો અને એ વિનંતીઓ ૧૯૮૪ના ડિસેમ્બરમાં જ્યારે જજમેન્ટ આવ્યું ત્યારે પૂ. શાસ્ત્રીજીએ માન્ય રાખી હોય એમ મને મહેસૂસ થયું. જજમેન્ટ મારી તરફેણમાં આવ્યું. કહેવાની જરૂર ખરી કે —

તુમ્હારી શરણ ગ્રહે જો કોઈ । તરે સકલ સંકટ સોં સોઈ ॥

હું કોર્ટનો મુકદ્દમો જીતી ગયો. બલ્કે મને ખોટી રીતે કોર્ટમાં ઘસડી લાવવા બદલ મકાનમાલિક પાસે મારો કોર્ટનો ખર્ચ પણ પરત આપવા નિર્ણય આપ્યો.

આ પ્રત્યક્ષ અનુભવેલ દુઃખદ લાગણીનો કઈ રીતે પૂ. ગુરુજીનો તથા માતાજીનો પ્રેમ અને આભાર વ્યક્ત કરું? એ માટે મારી પાસે શબ્દો નથી. એટલી લાગણી અવશ્ય થાય છે કે —

મહિમા અપરમ્પાર તુમ્હારી । જય જય જય ત્રિપદા ભયહારી ।

માતાજીની કૃપા માટે મને હરહંમેશ એમ જ થાય છે કે —

અષ્ટસિદ્ધિ નવનિધિકી દાતા । સબ સમર્થ ગાયત્રી માતા ॥

મારાં નાનાં-મોટાં કોઈ પણ મનોરથ માટે હું અવશ્ય માતાજીનો આશરો લઈ માનસિક જપ ચાલુ રાખી ચિંતાથી મુક્ત રહું છું, જેથી હું એટલું જ કહીશ કે, માતાજી પાસે માંગવાથી શું નથી મળતું? —

જો જો શરણ તુમ્હારી આવે । સો સો મનવાંછિત ફલ પાવે ॥

□




મા ગાયત્રીની કૃપા

**શ્રી ગણેશ ટ્રેડર્સ**

'ભગવતી'

★

ઉદવાડા–R.S. ૩૯૬૧૮૫

# આત્મગુંજન - ૭

ડૉ. કાન્તિલાલ કાલાણી

**મનની એકાગ્રતા માટેનાં સાધનો કયાં?** પ્રાણાયામ, ઇન્દ્રિયસંયમ, સત્સંગ, સ્વાધ્યાય.

**જ્ઞાન પ્રાપ્ત કરવાનાં સાધનો કયાં?** વ્યાવહારિક જ્ઞાન માટે નિરીક્ષણ, પરીક્ષણ અને પ્રયોગ. આધ્યાત્મિક જ્ઞાન માટે શ્રવણ, મનન, નિદિધ્યાસન, વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ, મુમુક્ષુતા, સાચી જિજ્ઞાસા, સત્સંગ, પ્રણિપાત, સેવા, નમ્રતા, નિષ્કામ કર્મ, નિષ્કામ ઉપાસના.

**કયું કર્મ સાત્ત્વિક?** ફળની ઇચ્છા વગરનું કર્મ, રાગદ્વેષ વગરનું કર્મ, વિવેકસભર કર્મ.

**રાજસ કર્મ કોને કહેવાય?** જેમાં ભોગની ઇચ્છા હોય, હું કર્મ કરી રહ્યો છું એવો ભાવ હોય, જેમાં નિરાંત ન હોય.

**કયું કર્મ તામસ કહેવાય?** અવિચારી કર્મ, મોહને વશ થઈ કરેલું કર્મ, અવ્યવસ્થા, આળસ, હઠ, અસંસ્કાર અને દુર્ગુણયુક્ત કર્મ.

**સત્ત્વ ગુણ એટલે શું?** શુદ્ધિ, જ્ઞાન, પ્રકાશ, શાંતિ અને આનન્દનું પ્રધાનપણું.

**રજોગુણ એટલે શું?** જ્ઞાન-અજ્ઞાનનું મિશ્રણ, શુદ્ધિ–અશુદ્ધિનું મિશ્રણ.

**તમોગુણ એટલે શું?** જડતા, અજ્ઞાન, અંધકાર, અપ્રવૃત્તિ, પ્રમાદ, આળસ, મોહ.

**મુખ્ય તપ કયાં?** **શારીરિક તપ:** એમાં પૂજા, પવિત્રતા, બ્રહ્મચર્ય, અહિંસા વગેરે સમાવિષ્ટ કરી શકાય. **વાચિક તપ:** સત્ય, પ્રિય, હિતકર વાણી અને ધર્મગ્રંથોનો અભ્યાસ. **માનસિક તપ:** સંયમ, મૌન, શુદ્ધ ભાવના, મનની પ્રસન્નતા.

**જપ એટલે શું?** ઇષ્ટદેવના નામનું પુનઃ પુનઃ ભાવપૂર્વક ઉચ્ચારણ. મંત્રનું વારંવાર એકાગ્રતાપૂર્વક ઉચ્ચારણ.

**જીવનનું સાચું ભાથું કયું?** હૃદયની શાંતિ, મનની શુદ્ધિ, સદ્‌ભાવોની વૃદ્ધિ, ભક્તિ કે પ્રેમરસની વૃષ્ટિ.

**ૐ શું છે?** સર્વ વેદોનો સાર, સર્વ મંત્રોનું બીજ, સકળ પ્રાર્થનાઓનું સત્ત્વ, ભૂત, વર્તમાન અને ભવિષ્યથી પરની સ્થિતિ. અધ્યાત્મની શરૂઆત અને અંત જેમાં સમાવિષ્ટ થઈ જાય છે તેવું રહસ્યમય તત્ત્વ.

**બુદ્ધિનું ખરું કાર્ય શું?** નિશ્ચય કરવાનું. શું ચિરંતન અને શું ક્ષણિક તેનો વિવેક કરવાનું.

**જ્ઞાનનો માર્ગ ક્યારે ખુલ્લો થાય?** કામ, ક્રોધ અને મોહનું આવરણ હટે તો, ઇન્દ્રિય સંયમ અને શ્રદ્ધા હોય તો, ખરી જિજ્ઞાસાવૃત્તિ હોય તો, અનુભવી વ્યક્તિનો સંગ મળે તો.

**મનુષ્ય અપ્રિય બને એવો કયો દોષ ગણાય?** અભિમાન.

**કયો મનુષ્ય આત્મોન્નતિ નથી કરી શકતો?** દંભી મનુષ્ય.



Scanned by CamScanner

**આંતરિક શક્તિ વિકસાવવા શું કરવું?** મનને જબરદસ્ત એકાગ્ર કરવું.

**અખંડ શાંતિ કોને મળે છે?** જે કેવળ પરમ શક્તિનું અવલંબન લઈ જીવે છે તેને.

**કઈ વાણી મધુર બની શકે?** જે વાણી સંયમિત હોય, વિચારીને બોલાયેલી હોય, નમ્રતાયુક્ત હોય, અર્થ અને ધર્મથી સભર હોય.

**સંતુષ્ટ કોણ રહી શકે?** કર્મનાં ફળ પર જેની નજર નથી તે.

**ઇન્દ્રિયો ભટક્યા કરતી હોય તેની હાલત કેવી થાય?** સુકાન વિનાના વહાણ જેવી.

**પ્રવૃત્તિ કોને કહીશું?** કોઈપણ પ્રકારના ઉદ્યોગને, ક્રિયાને, આરંભને અથવા પ્રગતિને પ્રવૃત્તિ કહેવાય.

**નિવૃત્તિ કોને કહેવી?** મનને વિષયોમાંથી ખેંચી લઈ તેને પરમાત્મા પર કેન્દ્રિત કરવું, વિષયો પ્રત્યે વૈરાગ્યવૃત્તિ કેળવવી, એમાં ક્રિયાનો અભાવ અથવા નિષ્ક્રિયતા નથી, પ્રવૃત્તિમાંથી મુક્ત થવાની પ્રવૃત્તિ હોય છે, નિવૃત્તિ એટલે મૂળ સ્થાને પાછાં ફરવું અથવા અંદરથી સ્થિર રહીને આત્માને ઉપકારક એવી દિશામાં ગતિ હોય છે.

**ફળની આકાંક્ષા ક્યારે રહેતી નથી?** સ્વાર્થરહિત વલણ હોય, અનાશક્તિની હાજરી હોય અને જ્ઞાનયુક્ત દૃષ્ટિ હોય ત્યારે.

**ભયના મૂળમાં શું છે?** અહંતા ને મમતા. જુદાઈ અથવા ભિન્નતાનો ભાવ.

**નિર્ભયતાનો અનુભવ ક્યારે થાય?** અદ્વૈત સ્થિતિમાં.

**અભ્યાસ કોને કહેવાય?** એકની એક બાબત વારંવાર કરવી, ચિત્તને અન્ય સ્થાનો પરથી ખસેડી લઈ એક જ સ્થાનમાં સ્થિર કરવું, જોડવું.

**શેના પરનો સંયમ હિતકારક?** મન, વાણી અને ઇન્દ્રિયો પરનો.

**મનુષ્યની યોગ્યતા શેના પરથી નક્કી થાય છે?** આચાર પરથી.

**ખરો જ્ઞાની કોણ?** જેનું જ્ઞાન આચારમાં પરિણત થયું છે તે.

**સંસ્કારી પુરુષનો શું પુરુષાર્થ રહે છે?** ઇચ્છા, ભય, ક્રોધ અને દ્વેષ પર વિજય મેળવવો.

**બુદ્ધિનું કામ શું?** નિર્ણય લેવાનું, સાચું શું, ખોટું શું, કરવા જેવું શું, ન કરવા જેવું શું એટલે કે યોગ્ય-અયોગ્ય શું, કલ્યાણકારી-અકલ્યાણકારી શું તે દર્શાવવાનું કામ બુદ્ધિનું છે.

**અહંકાર એટલે શું?** હું છું એવો ભાવ કેન્દ્રમાં રાખી બધું વિચારવું, પોતાની મોટાઈનો ખ્યાલ રાખ્યા કરવો, 'હું'પણાના ભાવને વાગોળ્યા કરવો.

**અન્તઃકરણ એટલે શું?** એ એવી શક્તિ છે જે બધી ઇન્દ્રિયોને પ્રવૃત્તિ કરવા પ્રેરે છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચાર અન્તઃકરણના વ્યાપાર અથવા વિભાગ છે. તેમાં વિકલ્પ કરે છે તે મન, પદાર્થનો નિશ્ચય કરે છે તે બુદ્ધિ, સ્વાર્થ અથવા પરમાર્થનું ચિંતન કે અનુસન્ધાન કરે છે તે ચિત્ત, હું છું એવો ભાવ રહે છે તે અહંકાર.

**કર્મની કૃતાર્થતા શેમાં છે?** પરમ જ્ઞાનની પ્રાપ્તિમાં, અન્યને શાંતિ અને આનન્દ આપવામાં, સૌનું ભલું કરવામાં.



Scanned by CamScanner

**ક્ષમા એટલે શું ?** મૈત્રી અને કરુણાનો ભાવ, પીડા આપનાર પ્રત્યે પણ રોષ કે દ્વેષબુદ્ધિ ન જન્મે તેવી ચિત્તની સ્થિતિ, અપમાન કરનાર, ગાળો દેનાર, આક્ષેપો કરનાર કે મારનાર પ્રત્યે પણ ચિત્તમાં વિકાર કે અસ્વસ્થતા ન જન્મે તેનું નામ ક્ષમાવૃત્તિ.

**પ્રાયશ્ચિત કોને કહેવાય ?** કરેલા દુરાચાર કે દોષને ભૂંસી નાખવા માટેની તપશ્ચર્યા.

**સત્યનું દર્શન ક્યારે સુલભ બને ?** અહંતા અને મમતા છૂટે ત્યારે, સ્વાર્થ, ઘમંડ, ઇર્ષ્યા અને જીદથી પર હોઈએ ત્યારે, પક્ષપાત અને પૂર્વગ્રહોમાંથી મુક્ત થઈએ ત્યારે.

**આત્માની શક્તિનો ક્યારે અનુભવ થાય ?** મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર પર વિજય મેળવવાથી.

**આત્મશુદ્ધિનો ઉપાય શું ?** જ્ઞાન, તપ.

**અન્તઃકરણ પર વિજય મેળવ્યો છે તેનો ખ્યાલ ક્યારે આવે ?** બુદ્ધિ અનાસક્ત બને ત્યારે, લોભ છૂટી જાય ત્યારે, કર્મનું બન્ધન નષ્ટ થઈ જાય ત્યારે.

**પવિત્રતાનું મૂળ શું ?** સદાચાર.

**શાંતિમય જીવન જીવવાના ઉપાય ?** શુદ્ધ અને સરળ હૃદય, પોતાના દોષ ઓળખવા અને તેમને દૂર કરવા નિષ્ઠાયુક્ત પ્રયત્ન કરવો, સર્વ સ્થિતિમાં ભક્તિમય રહેવું.

**સુખ ક્યાં અનુભવવા મળે ?** આપણી અંદર.

**આપણું હિત શેમાં છે ?** અન્યનું હિત કરવામાં.


**મનને સંયમિત રાખવાનાં સાધનો ક્યાં ?** નિયમિત જીવન, મિતાહાર, માપસરની ઊંઘ, ખપ પૂરતું બોલવું, નિષ્કારણ હરવું-ફરવું નહીં, પ્રસન્નતા થાય તેવા સ્થાનમાં રહેવું.

**ચારિત્ર્ય ઘડતરમાં પાયાની બાબત કઈ ?** નિષ્ઠા.

**યમ કોને કહેવાય ?** વૃત્તિઓને રોકવા-લેવામાં આવતાં વ્રત – અહિંસા, સત્ય, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ સર્વ સ્વીકાર્ય યમ છે.

**ધર્મના મૂળમાં શું છે ?** દેહ વિના ધર્મ શક્ય નથી. ઉપરાંત દયા, વિનય, વિવેક અને સરળતા ધર્મને ધારણ કરવામાં સહાયક થાય છે.

□

મા ગાયત્રીની કૃપા અને
પૂ. ગુરુદેવના આશિષ હરહંમેશ
વરસતા રહો એવી નમ્ર વિનંતી સહ
**જમનાદાસ નારગદાસ મોદી**
જનરલ મરચન્ટ
**'ભગવતી'**
ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫ (ડિ. વલસાડ)




Scanned by CamScanner

# પાષાણની વેદના

એક સમે પથ્થર જઈ બેઠો
કૃષ્ણચરણની પાસે,
મુજને બંસી બનાવી બજાવો,
આવ્યો છું એ આશે.

હું નથી પાછો જાવાનો
કે બીજું નહીં સાંભળવાનો.

મંદ મંદ સ્મિત કરતાં બોલ્યા મુરલીધર યદુરાયા
ધન્યભાગ્ય, તુજ મનમાં છાઈ આજે હરિગુણ છાયા.

કિંતુ તુજને ખબર નથી શું જન્મજન્મ તપ કીધાં
ત્યારે હરિ અનુગ્રહને પામી સ્થાન અધર મુજ લીધાં ?

વેણુ પરમ ભાગ્યશાળી
દીધાં હું-મમ સૌ ટાળી.

એને અંગે અંગ જરા જો છિદ્ર કસોટી કેરાં,
એણે તો છે અપાર વેઠ્યાં હરિકાજે દુઃખ ઘેરાં.

એનું સ્થાન અલૌકિક હો
એની હોડ ન બકશો કો-

જોને તુજ અંતરમાં ઘટઘટ સ્થૂળ આણુ જામેલા
કેમ કરી ત્યાં પેસી શકશે સૂક્ષ્મ પરમ આણુ ઘેલા ?

બંસીએ બોલી નિજ હૈયું ભાર શિરે મુજ નાખ્યો
તેં તો આખા જગનો ઊંડે અઘડો સંઘરી રાખ્યો.

મુજને જગનાં અણુ પરમાણુ સઘળાં અતિશે વ્હાલાં
તો ય મને ભૂલી જે ભાગે મોહવમળમાં ઠાલાં.

ભ્રમમાં જીવન વ્યર્થ કરે
મુજ શું દૃષ્ટિ પણ ના કરે.

અભિમુખતા તુજમાં જાગી એ અભ્યુદયની નિશાની
જોજે હાવે પંથે પળતાં કરીશ ન પાછી પાની.



Scanned by CamScanner

એમ અચાનક જોજે એક દિન લોહ કનક થઈ જાશે
હરિને અધરે નહીં પણ મુકુટે સૂર-હિલ્લોળા ખાશે.
તું જાણે કે રામે પથ્થર તાર્યા ભારે ભારે....

તારે શિર હું છું બેઠો
પડવા દઉં ન તને હેઠો-
નિત્યે હરિમય થઈ રહેજે
અંતે અભેદપદ લ્હેજે.

— પિનાકીન ત્રિવેદી

[ 'પ્રસાદ'માંથી સાભાર ]

શિવમાંથી જન્મેલો જીવ તેના મનુષ્ય અવતારના કાળ દરમ્યાન સંસારની મોહમાયા મમતા, અહંકારનાં વમળોમાં અટવાય છે ને શિવને વિસરી જાય છે. પોતાના પૂર્વના કોઈક પુણ્યબળે જીવને શિવનું સ્મરણ થાય છે ને તેના ચરણમાં-શરણમાં જવાની ઝંખના જાગ્રત થાય છે. અંતરના બારણાની નાની અમથી તિરાડ જેવી ફાટ ખોલીને શિવના ચરણ-શરણમાં ને સ્મરણમાં જવાનો પ્રયાસ કરે છે, પણ શિવમાંથી જ જન્મેલો જીવ શિવને આમ વિસરીને મોહાંધ થઈને ફરે, ને પછી ભવાટવીમાં અટવાતાં અટવાતાં અચાનક કોઈક પળે શિવનાં બારણાં ખખડાવે ત્યારે શિવ જેવા શિવને પણ શરણાગતને નાણી જોવાનો, તેને અધિકૃત બનાવવાનો પ્રયાસ કરે છે. પોતાના શરણ-ચરણમાં રહેવાને પૂરેપૂરો યોગ્ય બનાવે છે ને પછી જ તેને અપનાવે છે.

માને પોતાનું બાળક અતિશે વહાલું હોય જ છે, પણ બાળ જ્યારે સ્વચ્છંદે ચડે છે ત્યારે તેને શિક્ષા કરી થોડો અળગો પણ કરે છે. તેની પાછળ તેનો હેતુ પોતાના બાળકને હોશિયાર-ડાહ્યો બનાવવાનો જ હોય છે. અનેક રીતે કુશળ બનાવવાનો હોય છે. મા જે શિક્ષા કરે છે તેની પાછળ પણ એ માતૃહૃદયમાં બાળકને માટે ભારોભાર પ્રેમ ને કરુણા તો ભરેલાં જ હોય છે.

આ સૃષ્ટિ પરમાત્માનું સર્જન છે. વસુધૈવ કુટુમ્બકમ્ પ્રમાણે આ પૃથ્વી પરમાત્માનું વિશાળ કુટુંબ છે. જડચેતન સઘળા પર પરમાત્માની ચૈતન્યશક્તિનો વિલાસ પ્રતિપળ વિલસતો રહે છે. સૂર્ય, ચન્દ્ર, તારા, આકાશ, આકાશી ગ્રહો, નદી, નાળાં, સરોવરો, સાગરો, ઝરણાંઓ, પશુ-પક્ષીઓ, વૃક્ષો, વનસ્પતિઓ સઘળામાં ચૈતન્યશક્તિનો વાસ છે. ને કુદરતના નિયમ ને નિયમનને વશ વર્તીને ચાલતાં રહે છે – અનંતકાળથી ને અનંતકાળ સુધી ચાલતાં રહેશે. તેમ છતાં લાગે છે કે મનુષ્ય એ પરમાત્માનું શ્રેષ્ઠ સર્જન છે, વિલક્ષણ ને વિચિત્ર. પરમાત્માનું એ શ્રેષ્ઠ સર્જન હોવાને કારણે જ એ પરમાત્માનો પરમ ઋણી છે.

પરમાત્માનું આ ઋણ માનવી કેવળ તેના શરણમાં ને ચરણમાં રહીને, તેને વફાદાર રહીને, તેને વશ રહીને જ ચૂકવી શકે છે. પરમાત્માના ચરણ-શરણમાં વફાદાર રહીને જીવતાં મનુષ્યો પ્રભુને અતિ પ્રિય બની રહે છે. પ્રભુની-શ્રીકૃષ્ણની વાંસળી, રામની શબરી, હનુમાનજી વગેરે જેવા કેટલાક જડચેતન જીવો, પદાર્થો પ્રભુના પરમ અનુગ્રહી બનીને જગતના પ્રેરણારૂપ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરી શક્યા છે. માનવીને પોતાની કોઈક પુણ્યવંતી પળે આવા જીવોનું સ્મરણ થઈને પ્રભુના ચરણે ને શરણે જવાનો વિચાર માત્ર ઉદ્‌ભવે છે. અગાઉ કહ્યું તેમ એવા જીવને પ્રભુ પહેલાં માણી ને નાણી



Scanned by CamScanner

જુએ છે. કાપડિયો કાપડ ખેંચીને એની મજબૂતાઈ કેટલી તે જુએ છે. કુંભાર માટીનો ઘડો કેટલો નક્કર છે તે જોવા-બતાવવા માટે ટકોરા મારી જુએ છે. શાકવાળો શાક કેટલું કુમળું ને પ્રળિયા વિનાનું છે તે, જોવા શાકને બે આંગળીની વચ્ચે દબાવીને-મસળીને તેના બે ટુકડા કરી તેની કોમળતાનો પરિચય કરે છે-કરાવે છે. પરમાત્માના ચરણે જવા ઉત્સુક બનેલા જીવની પણ નક્કરતાનો પરિચય પ્રભુ પ્રથમ મેળવે છે, તેની પરીક્ષા કરે છે, ને પોતાના શરણમાં આવનારે કેવી રીતે જીવવું ને રહેવું એનું માર્ગદર્શન પણ આપે છે, બોધ આપે છે, પોતાના થઈને રહેવા સમજાવે છે. પોતાના થઈને રહેવાની સઘળી અથથી ઇતિ જેવી ભૂમિકાનું નિદર્શન કરીને, પ્રભુનો અનુગ્રહ પ્રાપ્ત કરવાની વિશાળ તક પ્રભુ શરણાગતને કરી આપે છે. એ તકનો જીવ કેટલો ઉપયોગ કરે છે તે તેના પર અવલંબિત રહે છે.

અત્રેનું કાવ્ય આ જ હકીકતને પ્રસ્તુત કરે છે. કવિએ બહુ જ સરળ ને સહજ રીતે જીવ ને શિવ-પ્રભુ ને ભક્તનો સ્વભાવ, પ્રભુ સાથે અનુસન્ધાન સાધવાની પ્રક્રિયાનું જીવને એક માર્ગદર્શન પૂરું પાડ્યું છે. એક નાનકડું કાવ્ય કેટલું મોટું તત્ત્વજ્ઞાન પ્રગટ કરી આપે છે.

કવિની કલ્પના ને તેમની અભિવ્યક્તિએ એક ભાવસભર આસ્વાદ્ય કાવ્ય પરિપૂર્ણ કર્યું છે. એક કલાકૃતિ નિર્માણ કરી આપી છે. એટલું જ નહીં, ભક્તિ, જ્ઞાન, કર્મની ત્રિવિધ ફિલસૂફી પણ અભિવ્યક્ત કરી આપી છે, જે કવિકર્મની બહુ મોટી સિદ્ધિ બની રહે છે.

કાવ્યમાં કવિ કહે છે કે, એકવાર એક પથ્થર કૃષ્ણચરણની પાસે જઈને બેઠો ને કહે, કે મને બંસી બનાવીને બજાવો એ આશાએ હું આવ્યો છું. હવે હું અહીંથી પાછો જવાનો નથી અને બીજું કંઈ જ સાંભળવાનો નથી. આ સાંભળી મંદ મંદ સ્મિત કરતાં પ્રભુ કહે છે, કે મારું ધન્યભાગ્ય કે તારાં મનમાં આજે હરિના ગુણ ગાવાની ભાવના છવાઈ! પણ તને શું ખબર નથી કે વેણુએ-વાંસળીએ જન્મોજન્મ તપ કરીને હરિનો અનુગ્રહ-કૃપા પ્રાપ્ત કરીને મારું-તારુંની ભાવના ટાળીને તેણે મારા અધર-હોઠ પર સ્થાન લીધું છે. એને અંગેઅંગ કસોટીનાં છિદ્રો દેખાય છે. એણે હરિને ખાતર અપાર દુઃખ વેઠયાં છે. એનું સ્થાન અલૌકિક છે, એની હોડ કોઈ ન બકશો.

પોતાના-પ્રભુના થઈને રહેવા જીવે જે સહન કર્યું છે તે જોઈ ખુદ પ્રભુ પણ ગળગળા થઈ જતા હોય છે તેમ અહીં સ્પષ્ટ અનુભવાય છે.

પ્રભુ પથ્થરને કહે છે કે, તારા અંતરમાં, અણુએ અણુમાં સ્થૂળતા બાઝેલી છે. ભગવાન તો અતિ સૂક્ષ્મ છે તે આવી સ્થૂળતામાં શી રીતે થઈ શકશે? સ્થૂળ ને સૂક્ષ્મનો અભેદ કેવી રીતે સર્જાશે! સ્થૂળે સૂક્ષ્મનો સંગ કરવો હોય તો સ્થૂળતા ત્યજવી પડે, સૂક્ષ્મ બનવું પડે, તો જ સૂક્ષ્મ એવા પ્રભુ સાથે તાદાત્મ્ય સાધી શકાય. બંસીએ તો પોતાનું હૈયું ખુલ્લું કરી દીધું છે, એણે પોતાનો સઘળો ભાર મારે માથે નાખી દીધો છે. જો કે, મને તો જગતનાં સઘળાં અતિશય વહાલાં છે, પણ તેઓ તો મને ભૂલીને મોહવમળમાં અટવાય છે. અનેક ભ્રમણાઓમાં વ્યર્થ જીવન પસાર કરે છે. મારા ભણી તો એક દૃષ્ટિ પણ કરતા નથી. આજે તારી નજર મારા ભણી વળી છે તે તારા ઉદયની-ભાગ્યોદયની નિશાની છે, પણ હવે આ પંથે પળીને-વળીને પાછી પાની કરીશ નહીં. એમ કરતાં કરતાં એક દિવસ લોહ-લોઢું કંચન-સુવર્ણ-સોનું થઈ જશે. એ સોનું હરિના અધરે-હોઠે નહિ, પણ મસ્તકે મુકુટ બનીને આનંદના હિલ્લોળા લેશે. તું તો જાણે છે કે, રામે તો ભારે ભારે પથ્થરો તાર્યા છે. હું તારે શિરે બેઠો છું, તું મારા ચરણમાં છે, તેથી તને પડવા ન દઈશ. એટલે કે તારું જીવન અધોગતિને પંથે ન જાય, વ્યર્થ ન જાય, તારું અયોગ્ય-અહિત ન થાય તે હું જોઈશ. પણ પાછા કહે છે કે તું હંમેશ



Scanned by CamScanner

# મા ગાયત્રીની કૃપા-છાયા

રોજબરોજના જીવનવ્યવહારમાં ઉદ્‌ભવતી નાની-મોટી ગૂંચવણો-મુશ્કેલીઓમાંથી માર્ગ મેળવવા, તેનો ઉકેલ પ્રાપ્ત કરવા માનવી ઇષ્ટ આરાધ્ય તત્ત્વ પ્રત્યેની શ્રદ્ધામાંથી અકળ એવી પ્રેરણા ને સૂઝ મેળવતો રહે છે, જેને કારણે તેનો જીવનવ્યવહાર સરળ ને સહજ બનતો જાય છે. પ્રથમ દૃષ્ટિએ તદ્દન નજીવી, નાનકડી ને ક્ષુલ્લક ગણાતી બાબતો પરત્વે માનવી મૂંઝાતો હોય અને એ મૂંઝવણોનું જ્યારે સુખદ નિરાકરણ આવે, નાની-મોટી સફળતાઓ મેળવે, તે લૌકિક દૃષ્ટિએ ભલે નગણ્ય ગણાય, કે તથ્યહીન લાગે, છતાં પણ માનવીની ઇષ્ટમાંની પોતીકી શરણાગતિમાંથી જ તે ઉદ્‌ભવતી હોય છે, ને ત્યારે એ શ્રદ્ધા ને શરણાગતિને આપોઆપ નવો જ ઓપ અપાઈ જાય છે.

સામ્પ્રતકાળમાં મનુષ્ય જ્યારે ઈશ્વરના અસ્તિત્વનો ઇન્કાર કરી, વિજ્ઞાનથી અંજાઈ રહ્યો છે ને બુદ્ધિની મહત્તાને બિરદાવી રહ્યો છે, ત્યારે રોજબરોજના જીવનમાં અનુભવાતા આવા અનુભવો સમાજમાં ઈશ્વરીય અસ્તિત્વનો, શ્રદ્ધાનો, શરણાગતિનો ફેલાવો કરવામાં ઉપકારક નીવડશે એટલું જ નહિ, સામ્પ્રત સમયની માગનું – સત્ય હકીકતનું નિદર્શન કરી શકશે.

અત્રે એક એવો જ પ્રસંગ પ્રસ્તુત કર્યો છે.

એક બહેન લખે છે:

મા ગાયત્રીની ઉપાસના અને તેના વ્યવસ્થિત મન્ત્રોચ્ચારણથી મનુષ્યના જીવનમાં રોજબરોજ નાના-મોટા અનુભવો થયા જ કરે છે. એવા અનુભવો પ્રત્યેક માણસને નથી થતા, કારણ કે પ્રત્યેક માનવીમાં પોતાનામાં જ રહેલા સારા-નરસા ગુણોનો સ્વીકાર હોતો નથી. માનવીનું મન એટલું ચંચળ છે કે તેની ઇચ્છાઓ તેને તેમ કરવા આહ્‌વાન આપતી નથી. પરન્તુ જે માનવ મા ગાયત્રીને ભજે છે તેને સારા-નરસાનો ભેદ સમજાય છે. મા ગાયત્રીને સ્મરવાથી મનનું આટલું બધું પરિવર્તન થાય છે, તે કંઈ જેવી-તેવી વાત નથી.

જીવનમાં અમુક એવા પ્રસંગો બને છે કે મા આપણી પ્રત્યક્ષ જ છે ને એને કારણે આજુબાજુના લોકોને પણ માની પ્રત્યક્ષતાનો સ્વીકાર કરવો જ પડે છે. આમ ને આમ મા ગાયત્રીનો મહિમા દિન-પ્રતિદિન વધતો જ જાય છે. અમારા જીવનનો એક અવિસ્મરણીય પ્રસંગ એવો છે કે જે મારો પરિવાર આમરણ નહિ ભૂલે.

મારા ત્રણ યુવાન પુત્રોને એક ધનિક વિસ્તારમાં અને ઇચ્છિત જગ્યાએ જ અમુક દુકાન અમુક ધંધા માટે જોઈતી હતી. ઘણાં સાંભળનારને આ વાત મૂર્ખતાભરી લાગતી હતી. કારણ કે ધનિક વિસ્તારમાં તો ખૂબ ધનવેરો ને મોટી પાઘડી આપો તો જ દુકાન મળે. પણ માની અપરંપાર કૃપાથી એવું બન્યું કે વગર વ્યાજે મોટી રકમની પાઘડી ભરવાની સગવડ પણ થઈ ગઈ અને જે તે વિસ્તારમાં ધારેલી દુકાન જ મળી ગઈ. અત્યારે તે વિસ્તારમાં તે મોકાની દુકાન થઈ ગઈ છે.

મારી મોટી પુત્રીને બે બેબીઓ પછી ત્રીજો પુત્ર આવ્યો. મારી નાની બેબીની ચાંદીની પેન ખોવાઈ ગયેલી, તે સ્મરણ કરતાં જ મળી આવી. આ બધો માતાજીની કૃપાનો-જપતપનો-જ પ્રતાપ છે!

એકવાર મારા પતિની તબિયત એકદમ ખરાબ થઈ ગઈ. દવાખાને દાખલ કર્યા. મને મા ઉપર સમ્પૂર્ણ શ્રદ્ધા હોવાથી, પૂ. ગુરુદેવનો સમ્પર્ક સાધી જીવનજળ કરાવ્યું અને તે આપવાનું ચાલુ કર્યું. અત્યારે પાછા હતા તેવા થઈ ગયા છે.



Scanned by CamScanner

એકવાર મોટી દીકરીની સગાઈ થયેલી, પણ સંજોગવશાત્ જમાઈનો કાગળ-પત્ર ન આવવાને કારણે તે ખૂબ નિરાશ થઈ આંસુ સારતી બેઠી હતી ને માતાજીને પ્રાર્થના કરતી હતી, ત્યારે અચાનક જ જમાઈ જાતે જ ઘરમાં હાજર થઈ ગયા!

એકવાર મારો વચલો બાબો ઓચિંતો રાત્રે માંદો પડી ગયો. માનું નામસ્મરણ કરતાં ડૉક્ટર પાસે લઈ ગયા. ડૉક્ટરે તાત્કાલિક સારવાર આપી. તેમણે કહ્યું કે સારું થયું કે વહેલી તકે બાબાને લઈ આવ્યા, નહિ તો જોખમ જ હતું!

આ બધા પ્રસંગો ઉપરાંત પણ નાના નાના બનાવો માતાજીની કૃપાના ગણ્યા ગણાય નહિ તેટલા બને છે. પરમકૃપાળુ પરમાત્મા યા મા ગાયત્રીના નામસ્મરણથી મનને શાતા વળે છે અને હૈયાને ધીરજ પ્રાપ્ત થાય છે.

એ જ, લિ૦
— કલાવતીના વન્દન

* * *

ઇષ્ટની શરણાગતિ ને શ્રદ્ધાનો પ્રભાવ અનેરો છે. એ ક્યારે, ક્યાં ને કઈ રીતે પોતાની કૃપાછાયા પાથરે છે કે પાથરશે તે વિશે વિચારવાની મનુષ્યની બુદ્ધિનું કોઈ જ ગજું નથી. ઇષ્ટની શરણાગતિ સ્વીકાર્યા પછી આસપાસના વાતાવરણમાં તેનો જે પ્રભાવ પથરાય છે તેને કારણે મનુષ્યના આ રીતે રોજબરોજના અનેકાનેક વ્યવહારો સરળ ને સફળ બનતા જાય છે.

એટલું જ નહીં, ઇષ્ટનું અવિરત નામસ્મરણ સારાનરસાનો ભેદ સમજાવે છે. નરસાનો ત્યાગ કરાવી સારપને ગ્રહણ કરાવે છે. એવી સારપ ગ્રહણ કરેલ મનુષ્ય પોતાના સમગ્ર જીવનને સર્વ રીતે સુખી, સમૃદ્ધ ને સફળ બનાવે છે. અને ઇષ્ટની શ્રદ્ધા ને શરણાગતિમાં એક નવો જ જુવાળ આવે છે.

ગાયત્રી-જપ, ગાયત્રી-મંત્રની કેવળ ત્રણ માળા કરવાનો પૂ. શ્રી શાસ્ત્રીજીનો આદેશ મનુષ્યને આમ અનેક રીતે ઉપકારક બની રહે છે. કારણ કે મનુષ્ય પોતાને સદ્બુદ્ધિ આપવા ને સન્માર્ગે પ્રેરવા સૂર્ય-દેવતાને પ્રાર્થના કરતો થઈ જાય છે. એ પ્રાર્થનાથી—નિરંતર પ્રાર્થનાથી—મનુષ્ય પોતાના જીવનની આવી અનેક નાની-મોટી સફળતાઓ સમ્પ્રાપ્ત કરવાનો અધિકારી બની શકે છે.

□

---

હસતાં હસતાં જીવનયાત્રાની પૂર્ણાહુતિ જે કરી શકે એનું જીવન સફળ ગણાય અને રડતાં રડતાં જે અહીંથી અંતિમ વિદાય લે એનું જીવન નિષ્ફળ લેખાય. પરંતુ હસતાં હસતાં વિદાય લેવાની વાત લખવામાં કે સાંભળવામાં જેટલી સહેલી છે એટલી જ અમલમાં મૂકવી અઘરી છે. સમજણની શેરીમાં પ્રવેશ પામ્યા પછી આખી જિંદગી સુધી પૂરેપૂરો પરિશ્રમ ઉઠાવીને જેણે સખત અને સતત સાધના, આરાધના અને ઉપાસના કરી હશે એની જ મહેનત ઊગી નીકળવાની છે. બાકી ઘડપણમાં ગોવિંદ ગાવાની ગણતરી રાખનારાઓની આખેઆખી જીવનબાજી ઊંધી વળી જવાની છે. સમજ્યા ત્યારથી સવાર ગણીને આજથી ને અત્યારથી જ ભક્તિમાર્ગના પ્રવાસી બની જાઓ.

---

## [કવ્વાલી] હમ સમજને કે કાબિલ નહીં હૈ...

[૭ મી સપ્ટેમ્બર, પૂજ્ય ગુરુદેવના જન્મદિન પ્રસંગે પૂ. માતાજી અને પૂજ્ય ગુરુદેવની સાથે મીઠો ઝઘડો કરી માતાજીના દર્શન કરાવવાની મીઠી આરઝુ આ કવ્વાલી દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. આ વલોવાટ-આરઝુ ફક્ત મારી એકલાની જ નથી, આપણા સહુની છે. પૂ. ગુરુદેવની પ્રેરણાથી મારી તો ફક્ત કલમ જ આ આરઝુ-કવ્વાલીના રૂપમાં લખવા માટે પ્રેરાઈ છે.]

આતા હૈ, કહાઁ સે, ખૂશ્બોંકા ખજાના, હમ સમજને કે કાબિલ નહીં હૈ !
જરા ઇતના, હમકો સમજાના, હમ સમજને કે કાબિલ નહીં હૈ !

હવા કા યૂં ધીરે સે લહેરાના, કૈસ બન જાતા સમા સુહાના;
યહ ખૂશ્બોંકા, રાઝ બતાના, હમ સમજને કે કાબિલ નહીં હૈ !

મુસ્કરાહટ આપકે લબ પર આઈ, ફૂલ બિખરે જૈસે ડાલી લહેરાઈ;
હમકો લગતા હૈં, યે ઉનકા મુસ્કરાના, હમ સમજને કે કાબિલ નહીં હૈ !

સચમુચ હમ દિલસે કહેતે હૈં, આપહી હમરે દિલમેં રહેતે હૈં;
આપકે દિલમેં, ક્યા હૈ વો બતાના, હમ સમજને કે કાબિલ નહીં હૈ !

આપ કહેતે હૈં, હમકો ખબર હૈં, યહ તો સચમુચ ઉનકા હી ઘર હૈં;
ફીર કયોં છીપકર, હોતા હૈ અનાજાના, હમ સમજને કે કાબિલ નહીં હૈ !

મૂંદકર આંખે આપ જો ખો જાયેં, બતાઓ હમ કૈસે ઢુંઢ લાયે ?
બતા દો નાઁ, એકબાર ઉનકા ઠીકાના, હમ સમજને કે કાબિલ નહીં હૈ !

આપ કંઈ બાર મિલતે હૈં ઉનસે, જૈસે મિલતી હૈં ખૂશ્બોં સુમન સે;
આપકા યે, માં-બેટે કા અફસાનાં, હમ સમજને કે કાબિલ નહીં હૈ !

દેખો અબ કી બાર ના ભૂલાના, વો આયેં તો હમકો બુલાના;
મુશ્કિલ કર દેંગે, ઉનકા વાપિસ જાના, હમ સમજને કે કાબિલ નહીં હૈ !

અબ કી બાર ઉનકો ઇતના સુનાના, ના માને તો ઉનકો મનાના;
ક્યા યે અચ્છા હૈ, હમકો રુલાના, હમ સમજને કે કાબિલ નહીં હૈ !

ઉનકી ઔર સે અગર યે પૂછા જાયેં, લાલ! તેરી નજરમેં કીતને આયે ?
ઉસ ગિનતીમેં, હમકો ભી ગિનાના, હમ સમજને કે કાબિલ નહીં હૈ !

હમ જબ કરતે હૈ આપસે યે બાતેં, ઉસ વક્ત ક્યોં ચુપ કી હો જાતે ?
આપ શમાઁ હૈ, તો 'મુંજ' હૈ પરવાના, હમ સમજને કે કાબિલ નહીં હૈ !

પૂ. ગુરુદેવની કૃપા અને પ્રેરણા દ્વારા રચનાર

**દવે મુંજાલ (મુંજ)**

Scanned by CamScanner



પ્રખર ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈપણ વ્યક્તિ, જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : '**નીલોષા**' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈનો ટેકરો,
અમદાવાદ-૧૫.

**સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)**

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

□

Scanned by CamScanner